"HIMMAT VIDYANAGAR"
ISSN : 2457 - 0273
SHRI AMARJYOT EDUCATION TRUST
FOUNDER : SHRI HIMMATLAL MULANI
(SPEAKER : 08 TH GUJARAT LEGISLATIVE ASSEMBLY)

# RĀDHANVALLĪ :

## An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

Vol. : 07 Issue : 13 Month : May - 2023

# રાધનવલ્લી







CHIEF EDITOR :
DR. C.M. THAKKAR

CHIEF EXECUTIVE EDITOR :
DR. CHIRAG V. RAVAL

: PUBLISHED BY :
Shri Trikamjibhai Chatwani Arts & J. V. Gokal Trust
Commerce College, Radhanpur, Dist - Patan, Gujarat
NAAC ACCREDITTED : GRADE 'B'



An International Peer Reviewed Multidisciplinary Research Journal
(Bi-Annual)

# RADHANVALLI

| Vol.: 07 | Issue : 13 | Month - May - 2023 |
|---|---|---|

**Chief Editor**
**Dr. C. M. Thakkar**

**Chief Executive Editor**
**Dr. Chirag V. Raval**

**Shri Trikamjibhai Chatwani Arts & J.V. Gokal Trust Commerce College, Radhanpur**

ISSN: 2457-0273
(Online)
RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

## Editorial Board


| | | |
|---|---|---|
| Chief Editor | : | Dr. C. M. Thakkar,<br>Principal<br>(M) 9825915116<br>Email : principalaccr@gmail.com |
| Chief Executive Editor | : | Dr. Chirag V. Raval ,<br>Assistant Professor,<br>Commerce Department<br>(M) : 7698002789<br>Email : ravalchiragkumar@gmail.com |
| Editors | : | Dr. V.B.Khamar,<br>Associate Professor& HOD,<br>Gujarati Department<br>(M) : 94291 56800<br>Email :vimleshkhamar@gmail.com |
| | : | Shri K.C.Thakkar,<br>Associate Professor& HOD,<br>Commerce Department<br>(M) : 9925622832<br>Email :kishorthakkar1962@gmail.com |
| | : | Dr. S.K.Prajapati ,<br>Associate Professor, Sanskrit Department<br>(M) : 94288 53859<br>Email :prajapatisamir69@gmail.com |
| | : | Dr. Reji George,<br>Associate Professor& HOD,<br>English Department<br>(M) : 94275 46448<br>Email :dr.rejigeorge@gmail.com |
| | | Dr. T.D.Vyas<br>Associate Professor& HOD,<br>Hindi Department<br>(M) : 9825798717<br>Email : tusharvyas30@yahoo.com |
| | : | Dr. B. A. Rathod,<br>Associate Professor & HOD,<br>Sociology Department<br>(M) :99749 61595<br>Email :drrathod2011@gmail.com |

## Advisory Board


| | | |
|---|---|---|
| DR. Shileshbhai Parmar | : | Professor,<br>Department of Commerce,<br>Saurashtra University, Rajkot |
| Dr. Sandip K. Bhatt | : | Professor & Head,<br>Department of Business Studies,<br>Sardar Patel University,<br>Vallabh Vidyanagar |
| Dr. Param Pathak | : | Professor,<br>Department of Gujarati<br>Sardar Patel University,<br>Vallabh Vidyanagar |
| Dr. Bharat Thakor | | Associate Professor,<br>Department of Gujarati<br>Veer Narmad South Gujarat<br>University,<br>Surat. |
| Dr. Manibhai Prajapati | : | Former Principal<br>Arts & Commerce College, Thara |
| Dr. Ajit Thakor | : | Former Head,<br>Department of Sanskrit,<br>Sardar Patel University,<br>Vallabh Vidyanagar |
| Dr. Anil Kapur | : | Associate Professor,<br>Arts & Commerce College,Vijapur. |
| Dr. Piyush Joshi | : | Former Reader<br>Department of English<br>Sardar Patel University,<br>Vallabh Vidyanagar |

**NATIONAL INSTITUTE OF SCIENCE COMMUNICATION AND INFORMATION RESOURCES**
**(Council of Scientific and Industrial Research)**
**14, Satsang Vihar Marg, New Delhi 110 067**

INTERNATIONAL STANDARD SERIAL NUMBER INDIA

**S. B. Burde,**
**Head, National Science Library, ISSN**
**Phone: 91-11-26863759**
**E-Mail:** issn.india@niscair.res.in

**No. NSL/ISSN/INF/2017/538** **Dated: November 14, 2017**

**Shri Trikamajibhai Chatvani Arts & J.V Gokal Trust Commerce College,**
**Patan – 385340 (Gujarat)**

**Dear Sir/Madam,**
महोदय/महोदया,

**We are happy to inform you that the following serial(s) published by you has/have been registered and assigned ISSN(s) [Online].**

हमें आपको यह सूचित करते हुए प्रसन्नता हो रही है कि निम्नलिखित प्रकाशन पंजीकृत कर लिए गये है एवं **ऑनलाइन** आई.एस.एस.एन. आबंटित कर दिये गये हैं|

**ISSN 2457-0273 Radhanvalli**

**It is mandatory that the ISSN must be printed on every issue preferably at the right-hand top corner of the cover page.**
प्रकाशन की प्रत्येक प्रति के कवर पेज के दाहिनें ओर के ऊपरी सिरे पर आई.एस.एस.एन. छपा होना अनिवार्य है|

**We will be responsible for monitoring the use of ISSN(s) assigned to Indian Serials and for supplying up-to-date data of the same to the International Centre for ISSN, Paris. For this purpose, we request you to send us the forthcoming issue of your serial on complimentary basis.**

भारतीय राष्ट्रीय केंद्र की जिम्मेदारी होगी कि वह भारतीय पत्रिकाओं को आबंटित आई.एस.एस.एन. की जांच करेगा एवं उद्यतन डाटा की जानकारी इंटरनेशनल सेंटर फॉर आई.एस.एस.एन. पेरिस को भेजेंगे| अतः आपसे अनुरोध है कि इस कार्य हेतु प्रकाशन की एक प्रति आई.एस.एस.एन. प्रिंट करके सम्मानार्थ भेंट हमें भेजें|

**Kindly note that assigning the ISSN does not amount to approving the journal or its contents by National Science Library/CSIR-NISCAIR. In future, the names and/or logos of NISCAIR, CSIR should not be mentioned on the journal or the journal website.**
कृपया ध्यान दें कि आवंटित किया जा रहा आई.एस.एस.एन. राष्ट्रीय विज्ञान पुस्तकालय/सी.एस.आई.आर.-निस्केयर द्वारा किसी भी जर्नल/पत्रिका या इसकी विषय- वस्तु को अनुमोदित करने का द्योतक नहीं है| भविष्य में पत्रिका या पत्रिका की वेबसाइट पर निस्केयर या सी.एस.आई.आर. का नाम अथवा प्रतीक चिन्ह नहीं दर्शाया जाये|

**We solicit your cooperation in this regard.**
आपके सहयोग के लिए हम आभारी रहेगें|

**Yours sincerely,**

**For Head**
**ISSN National Centre of India**

## EDITORS PROFILE

### Chief Editor



**Dr. C.M.Thakkar was** born on 01st June 1966. He graduated in Commerce (B.Com.) in the year 1988 from Gujarat University. Prin. Thakkar did his Post Graduation (M.Com.) from North Gujarat University in 1990 and Ph. D. North Gujarat University in 2004. He had also completed B.Ed. and LL.B. from Hemchandracharya North Gujarat University, Patan.

Prin. Thakkar started his academic career as an Lecturer in Accountancy. After joining the noble profession of teaching, he served this profession in different capacities like Lecturer, Assistant Professor, Professor and Principal at Shri Trikamjibhai Chatwani Arts & J.V. Gokal Trust Commerce College, Radhanpur for 25 years.

He has written two books to his credit He participated in long term and short term training programs. He also participated and presented research papers in State, National and International level seminar Conferences etc. He has guided numerous candidates for their Master Thesis and has conducted many Seminars/workshops & Training Programs in the state. He has to his credit many publications in various National and International Journals. He also guided Ph.D students and M.Phil students in the Hemchandracharya North Gujarat University, Patan.

Prin. Thakkar was a Chairman of Board of Studies of Accountancy at Hemchandracharya North Gujarat University, Patan. He has been appointed as Executive Council (EC) member and member of Academic Council Hemchandracharya North Gujarat University, Patan. Looking to his efficiency and capacity to work continuously, he was entrusted with overall responsibility of Principal of college. During this tenure, ACCR has received prestigious accreditation of NAAC with B+ Grade in the year 2013. He was also a member of BUTR, and is a member of Examination Reforms Committee at Hemchandracharya North Gujarat University

He is a Co-ordinator of Dr. Babasaheb Ambedkar Open university of the Radhanpur Study Center. He was also a President of Vanijay Vartual of Hemchandracharya North Gujarat University (Commerce) .He is a member of the Board of Commerce Sankalchand University, Visnagar.He is an invited member of Local Inquiry Committee. He is the role model for the Young Faculty to follow his footprints to contribute meaningfully in enhancing Commerce Education. In short, Prin. Thakkar is a dynamic personality with combination of Academic and Administrative excellence.

## EDITORS PROFILE

### Chief Executive Editor



**Dr. Chirag V. Raval** is M.Com., M.Phil.,Ph.D. from Sardar Patel University, Vallabh Vidyanagar. He has 09 years of teaching, administration and research experience. He has been teaching Commerce and Management subjects. Besides above he has been associated as paper setter, moderator and examiner of Commerce and Management subjects.

He possesses many feathers in his crown – Appointed as a member of **College Development Council** from 01/04/2012 to 31/03/2015 in Sardar Patel University, Vallabh Vidyanagar. He has appointed as a member of Board of Studies of Business Studies (Commerce) and Management Faculty at Sardar Patel University, Vallabh Vidyanagar. He was recognized **Ph.D. Guide** in Commerce subject at Sardar Patel University, Vallabh Vidyanagar. He is Life Member of Indian Commerce Association. He has also published various research papers in the various referred journals. He has also participated and presented research papers in several State level, National level and International level seminars and conferences. He has delivered live lecture of Business Organization & Management subject initiated by Higher Education Commissioner, **BISAG** (Bhaskracharya Institute of Space Aeronautics and Geo-Informatics), SANDHAN, Govt. of Gujarat, Gandhinagar. He has delivered lectures at various institutes. He is member, Editorial Board in International Journal AVANSEAZA. He is recognized P.G. teacher in Commerce subject at Hemchandracharya North Gujarat University, Patan. Previously, He was working as Principal (I/c.) at AIMS College of Management & Technology, Bakrol, Anand from June 2009 to January 2016. Presently, He is working as Assistant Professor of Commerce at Shri Trikamjibhai Chatwani Arts & J.V.Gokal Trust Commerce College, Radhanpur from January 2016 onwards.

## EDITORIAL DESK

I am enormously blissful to present our college Research Journal "RADHANVALLI" : An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual). The ninth issue is being presented to you with all fresh insightful reflections from learned academicians, researchers and scholars.

The journal aims at disseminating research output and provides crucial information about recent developments in the relevant fields, through high quality research papers on the topics related to multidisciplinary subjects

It is slowly but firmly gaining its momentum. I am very much pleased to present the "RADHANVALLI": An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual) before the readers, academicians and researchers.

The multidisciplinary journal contains the variety of discussions on topics from Commerce, Accountancy, Management, Gujarati, Sanskrit, English, Sociology, Hindi, Physical Education, Library Science, Education etc. We are trying our best to bring before you the latest and authoritative insights into the facilitating world of multidisciplinary education. I hope that all of you will share yours experience, skills, knowledge and education to move our college forward.

In this issue of the journal, we have put together the 05 research papers, regarding diverse interests in the field of multidisciplinary subjects covering the various topics of a prominent researcher has taken meticulous efforts in illumination useful points about multidisciplinary research. We are proud to have you as part of our team and look forward to your future contributions.

I will repay your kindness with a promise to make your time here enriching, and perhaps even transformative.

With sincere thanks,

**Dr. C.M. Thakkar**
**Chief Editor**

**Dr. Chirag V. Raval**
**Chief Executive Editor**

ISSN: 2457-0273
(Online)
RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

# INDEX


| SR. NO. | TITLE | NAME | PAGE NO. |
|---|---|---|---|
| 1 | **संस्कृत-विकासाय अस्माभिः किं करणीयम्*** | ડૉ. સમીરકુમાર કે. પ્રજાપતિ | 2 |
| 2 | ગ્રામીણ કોલેજ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓ | પ્રા.ડૉ.બચુભાઈ એ.રાઠોડ | 11 |
| 3 | अथर्ववेद में विश्वशांति : एक अभ्यास | **डॉ. बलाभाई एस. रबारी*** | 16 |
| 4 | **"જૈન-સાહિત્યમાં જૈન-શિક્ષણ-દર્શન"** | **પ્રા.ડૉ.કુંજલબેન બારોટ** | 28 |
| 5 | ઉત્તર ગુજરાતમાં ચૌલુક્યકાલીન ઇતિહાસ લેખન પ્રવૃત્તિ | ચૌધરી જેવતભાઈ મેમાભાઇ | 35 |

ISSN: 2457-0273
(Online)
RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

# संस्कृत-विकासाय अस्माभिः किं करणीयम्*

ડૉ. સમીરકુમાર કે. પ્રજાપતિ

બિનસાંપ્રદાયિક વિશાળ ભારતની આધારશીલા સંસ્કૃત ભાષા છે. ભારત અને સંસ્કૃત એટલે એક સિક્કાની બે બાજુ. એમ છતાં કેટલાકની દૃષ્ટિએ એ મૃતપ્રાયઃ ભાષા માનવામાં આવે છે .કેટલાક અંશે એ બાબત સત્ય હોય તો એને ઉજાગર કરવા આપણે શું કરવું જોઇએ ? એ દૃષ્ટિએ પ્રસ્તુત અભ્યાસલેખમાં નીચે મુજબ વિચાર કરવામાં આવ્યો છે.

**(અ) ભારતમાં સંસ્કૃત ભાષાનું મહત્ત્વ :**

1. ભારતના વિભિન્ન ક્ષેત્રોમાં બોલાતી ભાષાઓ, ઉપભાષાઓ અને બોલીઓનો મૂલાધાર સંસ્કૃત ભાષા છે ; જેને કારણે ભારતીય સંસ્કૃતિ એકસૂત્રમાં બદ્ધ છે.

2. સમ્પૂર્ણ ભારતની આધ્યાત્મિકતા, સાંસ્કૃતિક, ભાવાત્મક એકતા, બાળકોના ચરિત્રમાં સંસ્કાર પ્રદાન કરનાર, વિશ્વ-બંધુત્વની ભાવનાના સંવર્ધન અને અસ્મિતાને સ્થાપિત કરનાર વિશ્વની પ્રાચીનતમ ભાષા સંસ્કૃતની ઉપાદેયતા નિર્વિવાદ છે.

3. આ ભાષા પ્રાચીન ઇતિહાસ, પુરાતત્ત્વ, આર્યજાતિની સભ્યતા તેમ જ સંસ્કૃતિને જાણવા માટેનું એકમાત્ર સાધન છે. જ્ઞાનની આ જરૂરીયાતોથી વિદેશીઓને પણ સંસ્કૃત તરફ આકર્ષ્યા છે. વિશ્વમાં આજે પણ ગ્રીક, લેટિન, હિબ્રૂ તથા સંસ્કૃતાદિ પ્રાચીન ભાષાઓના અધ્યેતાઓમાં સંસ્કૃતના સૌથી વધુ છે.16મી શતાબ્દીથી જર્મની,ફ્રાંસ અને બ્રિટનમાં છેલ્લા 50 વર્ષોમાં અમેરિકા, રશિયા અને જાપાનમાં પણ સંસ્કૃત પઠન-પાઠન અને અનુસંધાનની પરંપરા રહી છે.

4. વિશ્વના અન્ય દેશોમાં, વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃતના પ્રાચ્યવિદ્યાપરક વિભાગ છે.' ઇન્ટરનેશનલ એસોસિએશન ઑફ સંસ્કૃત સ્ટડીજ' જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ છે. વિશ્વસ્તર પર સંસ્કૃત-સમ્મેલનોનું આયોજન કરવામાં આવે છે.

---

* જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઇ કૉમર્સ કૉલેજ, આમરોલી-સુરત દ્વારા તા. ૨૦, માર્ચ, ૨૦૦૭ના રોજ સમાયોજીત રાષ્ટ્રીય સંસ્કૃત પરિસંવાદમાં પ્રસ્તુત શોધપત્ર.

+સંસ્કૃત વિભાગ,શ્રી ટી.એ.ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કૉમર્સ કૉલેજ, રાધનપુર,જિ.પાટણ(ઉ.ગુ)

**(બ) ભારતમાં સંસ્કૃતનો હ્રાસ થવા પાછળનાં કારણો :**

આ ભાષાનું આટલું મહત્ત્વ હોવા છતાં સંસ્કૃતની જન્મભૂમિ ભારતમાં જ તેની દુ:ખજનક-દયાજનક સ્થિતિ પાછળનાં કેટલાંક કારણો નિમ્નલિખિત છે :

1. આ સ્થિતિ પાછળ મુખ્યત્વે ભારતની શિક્ષણનીતિ જ જવાબદાર છે. કારણ કે સ્વતંત્રતા પછી સંસ્કૃતના પ્રચાર-પ્રસાર માટે સંસ્કૃત-આયોગનું આયોજન થયું ; જેમાં ત્રિભાષા-સૂત્ર આપ્યું. આમાં સંસ્કૃતને ત્રીજા નંબરે અને એ પણ અન્ય ભાષાના વિકલ્પે સ્થાન મળ્યું. જો કે ૧૯૫૯ થી ૧૯૭૦ સુધી સંસ્કૃતના વિકાસ માટે પ્રશંસનીય કાર્ય કર્યું. પરંતુ ૧૯૮૫ માં રાષ્ટ્રીય સ્તર પર નવી શિક્ષાનીતિની ઘોષણા થઇ; એમાં સંસ્કૃતની અવગણના થઇ અને ત્રિભાષાસૂત્રમાંથી સંસ્કૃતનો લોપ થયો. ભારતીય સંવિધાનની આઠમી સૂચિમાં દર્શાવેલ ૧૫ ભાષાઓમાં તથા આધુનિક ભાષાઓમાં પણ સંસ્કૃતને કોઇ સ્થાન મળ્યું નહીં.

---

(2) આજની પાશ્ચાત્ય સભ્યતાના પ્રવાહમાં, પ્રદુષિત પર્યાવરણમાં ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃત પ્રત્યે ઉદાસીનતા તેમજ વિદેશી સાહિત્ય, સભ્યતાની ભૌતિકતાથી આકૃષ્ટ સામાન્ય માણસ જ નહિ; પરંતુ શિક્ષાવિદો પણ સંસ્કૃત ભાષાના વૈવિધ્યથી પૂર્ણ પણે પરિચિત ન હોવાથી તેમનામાં કેટલીક ભ્રાન્તિઓ પ્રચલિત છે; જે નીતિ-નિર્ધારકો અને જનમાનસને સંસ્કૃત અધ્યયનથી વિમુખ કરે છે, અરુચિ ઉત્પન્ન કરે છે. એમની આ માન્યતાઓનીચે મુજબ છે : સંસ્કૃત ભાષા પ્રાચીન હોવાથી પછાત વિચારોથી ભરેલ છે. આ વિજ્ઞાન-પ્રધાન યુગમાં રાષ્ટ્રની ઉન્નતિ માટે સંસ્કૃત સાહિત્યમાં નિષ્ણાત વૈદિક,વૈયાકરણ, નૈયાયિક, મીમાંસક, વેદાન્તી અને કવિ-લેખક વર્ગ કેટલું યોગદાન કરી શકશે એ વિચારણીય છે, આથી સંસ્કૃત એક મૃતભાષા છે.

(1) સંસ્કૃતજ્ઞ પ્રાયઃ દેવવાદ/ભાગ્યવાદ પર આધારિત હોવાથી લૌકિક વ્યાપાર-બુદ્ધિથી પરાંગમુખ થાય છે અને નિરાશાપૂર્ણ જીવન વ્યતીત કરે છે.
(2) આ માત્ર કર્મકાંડની ભાષા છે; જે આમજનતા માટે નહીં પરંતુ બ્રાહ્મણો અને પુરોહિતો માટે જ છે.
(3) આ ભાષાનું વ્યાકરણ કઠિન અને જટિલ છે; જેને શીખવા ખૂબ જ ગોખણપટ્ટી કરવી પડે છે.
(4) આમાં નારીનું સ્થાન ખૂબ જ ઉપેક્ષિત રહ્યું છે.
(5) સંસ્કૃતભાષામાં વ્યવહારોપયોગી શબ્દોના અભાવને કારણે એનો વ્યવહારમાં ઉપયોગ કરવો મુશ્કેલ બને છે. જેમ કે સિગ્નલ, રેલ, એન્જિન, તવો વગેરે.

(6) આ ભાષાના અધ્યયનથી જીવિકોપાર્જન થઇ શકતું નથી.

(7) આંતરરાષ્ટ્રીય જગતમાં કાર્યસિદ્ધિ થઇ શકતી નથી. અંગ્રેજી જ એવી ભાષા છે; જે આખા વિશ્વને જોડે છે અને નિહિત જ્ઞાન-ભંડારને લોકો સુધી પહોંચાડે છે.

(8) ચૂંટણી(વૉટબેંક) અર્થે અન્ય ધર્મની પ્રજાઓનું તુષ્ટીકરણ અને તેમને ખૂશ રાખવા અંગ્રેજી,ઉર્દુ જેવી ભાષાઓને પ્રાધાન્ય આપવું , રાષ્ટ્રપ્રેમનો અભાવ, નિજી સ્વાર્થ, અંગ્રેજી ભાષા દ્વારા મિથ્યા પ્રદર્શન વગેરે કારણો જવાબદાર છે.

**(ક) સંસ્કૃતના વિકાસ માટે કેટલાંક મંતવ્યો** :

ઉપર્યુક્ત કારણોને ધ્યાનમાં લેતાં સંસ્કૃતના પ્રચાર-પ્રસાર અને વિકાસ માટે શું કરવું જોઇએ ? આ માટે કેટલાંક મંતવ્યો નીચે મુજબ છે :

1. **શિક્ષણનીતિમાં સુધારા-વધારા** :

(1) ત્રિભાષા સૂત્રમાં સંસ્કૃતને અગ્રતાક્રમ આપવો જોઈએ.

(2) પરંપરાગત શિક્ષા માટે સ્વતંત્ર નિર્દેશાલયની સ્થાપના થવી જોઈએ.

(3) એન્જિનિયરિંગ અને પ્રત્યેક ટેકનિકલ, આયુર્વિજ્ઞાન મહાવિદ્યાલયોમાં સંસ્કૃત અધ્યાપકની અનિવાર્ય રૂપે નિયુક્તિ કરવી જોઈએ.

(4) સ્નાતક કક્ષામાં પ્રાયોગિક- ચિકિત્સાદી પરીક્ષાઓમાં,રાજ્ય સમ્મિલિત એવી પ્રારંભિક પરીક્ષાઓમાં, અનિવાર્ય હિન્દી વિષયમાં પરિવર્તન કરી સંસ્કૃતનો સમાવેશ કરવો જોઈએ.

(5) માધ્યમિક સ્તરથી પરાસ્નાતકસ્તરીય પાઠ્યક્રમમાં આધુનિક સંસ્કૃત સાહિત્યનો સમાવેશ કરવો જોઈએ.

(6) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ અલગ-અલગ થવું જોઈએ તેમ જ અનુસ્નાતક કક્ષા માટે એને  લાયક અધ્યાપકો દ્વારા જ શિક્ષણ અપાવું જોઈએ.

(7) ક્યાંક સંસ્કૃત ઈચ્છનીય વિષય છે, તો ત્યાં સંસ્કૃતનો અધ્યાપક નથી હોતો. ક્યાંક સંસ્કૃત અતિરિક્ત  વિષય હોય છે, તો પરીક્ષાર્થીઓ પાસેથી અતિરિક્ત શુલ્ક લેવામાં આવે છે, ક્યાંક મહાવિદ્યાલયોમાં સંસ્કૃતના અધ્યાપકોને વેતન મળતું નથી. ક્યાંક સંસ્કૃતને અન્ય ભાષાના અધ્યાપકો શીખવતા  હોય છે. આમ આ બાબતોનું નિરાકરણ સંસ્કૃતના પ્રચાર-પ્રસાર માટે  ઉપયોગી નિવડી શકે !

(8) અખિલ ભારતીય સ્તર પર સંસ્કૃત સમિતિનું આયોજન થવું જોઈએ.

(9) સંસ્કૃતને રાજભાષા બનાવવામાં આવે.

(10) સમગ્ર વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃત વિદ્યા-વારિધિ તેમ જ સંસ્કૃત વિદ્યાવાચસ્પતિની ઉપાધિ પ્રદાન
કરવાની વ્યવસ્થા હોવી જોઈએ.

ISSN: 2457-0273
(Online)
RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)
(11) સમગ્ર ગુરુકુળોને કોલેજોની સમાન વેતન તથા સહાયતા, અનુદાન પ્રદાન કરવામાં આવે.

(12) મંદિરો તેમજ મઠોમાં સંસ્કૃતજ્ઞોની નિયુક્તિ થાય; જેથી ધર્મ અને સંસ્કૃત પ્રત્યે અનુરાગ અને વિશ્વાસ
વધે.

(13) સંસ્કૃતના વયોવૃદ્ધ લેખકો અને કવિઓ માટે પેન્શનની વ્યવસ્થા થાય તથા નવોદિત અને આધુનિક
સંસ્કૃત કવિઓ, લેખકોને પ્રોત્સાહન પણ મળે !

(14) એક એવી કમિટીનું ગઠન થાય કે સમયાંતરે ભારતમાં સંસ્કૃતની સ્થિતિનું અધ્યયન કરે અને પ્રચાર-
પ્રસાર માધ્યમોથી સંસ્કૃતના વિષયમાં ફેલાયેલ ભ્રાન્તિઓને દૂર કરે.

(15) સંસ્કૃત પાઠશાળાઓના વિદ્યાર્થીઓને યથાયોગ્ય પદો પર નિયુક્તિ મળે.

(16) સંસ્કૃત સ્નાતકોને કલા- સ્નાતકોની જેમ સમાન સ્તર તેમ જ સુવિધાઓ પ્રાપ્ત થાય.

(17) બારમા ધોરણમાં સંસ્કૃત વિષય સહિત ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને જ વિનયન વિદ્યાશાખામાં પ્રવેશ મળે.

(18) સરકારશ્રીએ સંસ્કૃતના શિક્ષણ માટેની પ્રોત્સાહક નીતિ ઘડવી જોઈએ.

(19) સંસ્કૃતના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક પુસ્તકોની વ્યવસ્થા પણ અપેક્ષિત છે.

2. **શિક્ષણ - પદ્ધતિ** :

(1) સંસ્કૃતની પારંપરિક શિક્ષણ પદ્ધતિ આધુનિક શિક્ષણ પદ્ધતિની સાથે સંયોજિત થવી જોઈએ.

(2) સંસ્કૃત શિક્ષણમાં આધુનિક યંત્રોનો પ્રયોગ થવો જોઈએ. જેમાં કમ્પ્યુટર-શિક્ષણ અનિવાર્ય થવું જોઈએ; જેથી ઇન્ટરનેટ પરથી સંસ્કૃતનું સંદર્ભ સાહિત્ય મેળવી શકાય, વિચાર-પ્રસ્તાવ મૂકી શકાય, પરીસંવાદો, સંમેલનોની માહિતી મેળવી શકાય.

(3) સંસ્કૃત માધ્યમથી પઠન-પાઠન થવું જોઈએ.

(4) સંસ્કૃતમાં ચલચિત્રોનું નિર્માણ સંસ્કૃત રૂપક અને ઉપરૂપકોના આધારે થવું જોઈએ.

(5) આયુર્વેદ, જ્યોતિષ અને કર્મકાંડ વગેરે વિદ્યાઓના શિક્ષણની વ્યવસ્થા થવી જોઈએ.

(6) મહાવિદ્યાલયોમાં પાઠ્યક્રમ સંસ્કૃત ભાષોન્મુખ અને વિષયોન્મુખ એમ બે પ્રકારે થાય.

(7) એમ.એ., એમ.ફીલ. ,પીએચ.ડી. વગેરે સંસ્કૃત વિષયક પદવીઓને પ્રાધાન્ય આપવા માટે આર્થિક યોગદાન આપવું જોઇએ.

(8) નેટ-સ્લેટ, જી.પી.એસ.સી. વગેરે પરીક્ષાઓ સંસ્કૃત ભાષામાં થવી જોઈએ અને તેમાં સંસ્કૃત વિષયવસ્તુને વધારે પ્રાધાન્ય આપવું જોઇએ.

(9) વેદપાઠ, સંસ્કૃત સ્તોત્રપાઠ, વાર્તાલાપ, નાટક, મનોરંજન કાર્યક્રમો તેમજ ગીતોની સુલલિત પદ્યોથી

સસ્વર સંસ્કૃતથી યુક્ત ઓડીયો-વીડીયો કેસેટ્સ બનાવવી જોઈએ.

(10) દૂરદર્શનની વિભિન્ન ચેનલો તેમજ કેબલ ટી.વી. પર બાળવાર્તાઓ, કાર્ટૂન, ધારાવાહિક જેવા

કાર્યક્રમ પ્રસ્તુત કરવા જોઈએ.

(11) સંસ્કૃત સંભાષણ વર્ગોની યોજના અર્થે જે તે સંસ્થાઓમાં વ્યવસ્થા કરવી જોઈએ.

(12) સંસ્કૃત સમ્મેલનો અને સંગોષ્ઠીઓનું આયોજન કરવું જોઈએ.

(13) અધ્યાપન પદ્ધતિ રૂચિકર, રસપ્રદ અને અસરકારક હોવી જોઈએ.

(14) પ્રાચીન ભારતના સંસ્કાર વારસાથી પ્રત્યેક ભારતીયને પરિચિત કરાવવો જોઈએ.

(15) ખાસ કરીને વ્યાકરણ શિક્ષણને કેવી રીતે રસપ્રદ, સરળ અને અસરકારક બનાવી શકાય એ માટે

કાર્ય શિબિરો (Work Shop) યોજાવી જોઈએ.

(16) વર્તમાન સંસ્કૃત શિક્ષકો, અધ્યાપકો માટે પ્રશિક્ષણ વર્ગો થવા જોઈએ અને તેમની સજ્જતા

વધારવી જોઈએ.

(17) અંગ્રેજી શબ્દોના પ્રયોગની જેમ સંસ્કૃત શબ્દોનો પ્રયોગ પ્રાદેશિક ભાષાઓમાં થવો જોઈએ.

3. **શૈક્ષણિક સંસ્થાઓ** :

(1) પૂર્વ પ્રાથમિકથી પરંપરાગત સુધીની તેમજ ટેકનીકલ શૈક્ષણિક સંસ્થાઓમાં સંસ્કૃત ભાષા ફરજિયાત કરવી જોઈએ.

(2) કાન્વેન્ટ વિદ્યાલયોમાં હિન્દીના જેટલું જ મહત્વ સંસ્કૃતનું હોવું જોઈએ.

(3) રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ સંસ્કૃત સાહિત્ય અકાદમીઓની રચના અને આ સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત

રચનાઓની સમીક્ષા તેમજ વિવિધ સંશોધન સંસ્થાઓની રચનાઓ થવી જોઈએ.

(5) ગ્રામીણ ક્ષેત્રે નાના પુસ્તકાલયોની રચના કરવી જોઈએ.

(6) જવાહરલાલ નેહરુ વિશ્વવિદ્યાલય, ઇન્દિરા ગાંધી વિશ્વવિદ્યાલય, બાબાસાહેબ આંબેડકર ઓપન

યુનિવર્સિટી વગેરેમાં પણ સંસ્કૃત વિભાગનો પ્રારંભ થવો જોઈએ.

4. **અભ્યાસક્રમનું આયોજન** :

(1) આયુર્વેદના પાઠ્યક્રમમાં સંસ્કૃત ભાષાને પુનઃ ફરજિયાત કરવી જોઈએ.

(2) દસમા ધોરણમાં વૈદિક ગણિતને આંશિકરૂપમાં પાઠ્યક્રમમાં સમાવિષ્ટ કરવો જોઈએ તેમજ ધોરણ

દસ સુધી સંસ્કૃત સ્વતંત્ર વિષય હોવો જોઈએ.

(3) વિજ્ઞાન-ટેકનોલોજી યુક્ત આધુનિક સંદર્ભ પરક વિષયોનો સમાવેશ થવો જોઈએ. મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલયના સ્તર પર પ્રાચ્ય-ઇતિહાસ વિભાગની જેમ પ્રાચ્ય-વિજ્ઞાન વિભાગની સ્થાપના થાય; જેમાં પ્રાક્તન શિલ્પ, કલા, ખગોળવિદ્યા, વાસ્તુશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર તથા આયુર્વિજ્ઞાનનું અધ્યયન થાય અને તે પણ સંસ્કૃત માધ્યમથી.

(4) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના ધોરણોમાં ક્ષેત્રીય ભાષાનાં પુસ્તકોમાં ઓછામાં ઓછા બે પાઠ એવા હોવા જોઈએ કે જેમાં એની માતૃભાષાનો સંસ્કૃત સાથે સંબંધ પ્રદર્શિત કરવામાં આવતો હોય.

(5) કોઈપણ પ્રવાહના વિદ્યાર્થી માટે એક પેપર સંસ્કૃતનું ફરજિયાત હોવું જોઈએ.

(6) સંપૂર્ણ ભારતમાં સંસ્કૃતનો પાઠ્યક્રમ એક જ હોય.

(7) સંસ્કૃત અભ્યાસક્રમનું ઘડતર સમાજોપયોગી, જીવનોપયોગી, વ્યવહારુ અને રોજગારલક્ષી હોવું

જોઈએ.

(8) માધ્યમિક સ્તર પર કૌમુદી અને શબ્દકોશના ઉચિત પાઠ્યક્રમનું આયોજન થવું જોઈએ.

5. **અનુદાન યોજનાઓ** :

(1) સંસ્કૃત વિદ્યાર્થીઓ માટે છાત્રવૃત્તિ અને સંસ્કૃત સંસ્થાઓ માટે અનુદાનની વ્યવસ્થા કરવી જોઈએ.

(2) સંસ્કૃત સ્વયંસેવી સંસ્થાઓ માટે પણ અનુદાન અને દાનની વ્યવસ્થા થાય.

(3) સંસ્કૃત બોલનાર પરિવારોનું સન્માન કરી પ્રોત્સાહન આપવું જોઈએ.

6. **સંસ્કૃત સાહિત્ય સર્જન : (લેખન, સુરક્ષા, પ્રકાશન, અનુવાદ વગેરે)**

(1) પ્રાચીન ઇતિહાસનો મહત્વપૂર્ણ સ્રોત પ્રાચીન પાંડુલિપિઓ ભારતની અમૂલ્ય બૌદ્ધિક સંપત્તિ છે. આવી સંસ્કૃત પાંડુલિપિઓની સુરક્ષા, સંપાદન, એકત્રીકરણ, અભ્યાસ અને એ સંદર્ભી સંશોધન થવું જોઈએ. મિડિયા ઉપર પ્રકાશિત કરવી જોઈએ; જેના માટે સરકારે અનુદાન આપવું જોઈએ.

(2) સંસ્કૃત માસિક, ત્રિમાસિક પત્ર-પત્રિકાઓ વગેરેનું નિયમિત પ્રકાશન થવું જોઈએ. તેમજ ભારતની દરેક સંસ્થામાં એ પહોંચવી જોઈએ.

(3) હસ્તપ્રતો, પાંડુલીપીઓને સંશોધન-પ્રકલ્પ કે વિદ્યાવાચસ્પતિની પદવી દ્વારા ઉજાગર કરવી જોઈએ.

(4) પંચતંત્ર, હિતોપદેશ આધારિત બાલસાહિત્યનું નિર્માણ થવું જોઈએ.

(5) સંસ્કૃતમાં વિજ્ઞાન સંબંધિત ગ્રંથોનું લેખન થવું જોઈએ.

(6) પ્રાચીન ગ્રંથોના દુર્લભ સંસ્કરણોનું પુનઃ મુદ્રણ થવું જોઈએ.

(7) સંસ્કૃત ગ્રંથોનો વિભિન્ન ભાષાઓમાં અનુવાદ સંસ્કૃતના પ્રચાર અર્થે જરૂરી છે.

(8) દૈનિક વ્યવહાર યોગ્ય શબ્દોના કોશ પ્રકાશિત કરવામાં આવે.

(9) ભારતીય સમાચાર પત્રોમાં અંગ્રેજી, હિન્દી તેમજ અન્ય ભાષાઓમાં સંસ્કૃત સાહિત્ય વિશે લેખ પ્રકાશિત કરવામાં આવે.

(10) પત્રવ્યવહાર અને નિમંત્રણ પત્રો પણ સંસ્કૃતમાં મુદ્રિત કરવા જોઇએ.

(11) અખિલ ભારતીય સ્તરના એક દૈનિક સંસ્કૃત સમાચાર પત્રનું પ્રકાશન થાય.

(12) પ્રત્યેક રાજ્યના પોતાની માતૃભાષાના દૈનિક વર્તમાનપત્રમાં એક પાન સંસ્કૃતનું હોવું જોઈએ.

(13) વર્તમાનપત્રોમાં જેમ 'અંગ્રેજી શીખો' એવો વિભાગ હોય છે એવો એક વિભાગ 'સંસ્કૃત શીખો' હોવો જોઈએ. આ માટે સંસ્કૃત ભાષા વિદોએ રસ લેવો જોઈએ.

(14) સરળ સંસ્કૃતમાં લઘુગ્રંથોનું નિર્માણ થવું જોઈએ; જેથી સાધારણજનોમાં સંસ્કૃત અનુરાગ વધે.

7. **વ્યવહારોપયોગિતા :**

(1) પ્રત્યેક સ્તરે સંસ્કૃતનું સરલીકરણ થવું જોઈએ.

(2) સાર્વજનિક સ્થળો (રેલ્વે સ્ટેશન, એસ.ટી. સ્ટેશન, ધર્મશાળા, મંદિરો વગેરે) પર વિભિન્ન ભાષાઓ અને માતૃભાષાની સાથે સંસ્કૃતનો પણ પ્રયોગ-ઉપયોગ થવો જોઈએ.

(3) સંસ્કૃતકૃત શબ્દો-વિદેશી શબ્દો સ્થાનીય તત્વો તેમજ લોકતત્વોને સંસ્કૃતમાં ફરી અંતર્ભૂત કરવામાં આવે.

(4) બંધનમુક્ત લેખનને સંસ્કૃતમાં સમાવિષ્ટ કરવામાં આવે.

(5) આકાશવાણી અને દૂરદર્શન પર ગુજરાતી કે હિન્દી સમાચાર પછી તુરંત એ જ સમાચાર સંસ્કૃતમાં પ્રકાશિત થવા જોઈએ; જેથી લોકોને ખ્યાલ આવે કે સંસ્કૃત એ અઘરી ભાષા નથી. આ ઉપરાંત સંસ્કૃત વાર્તા, નાટક, સંવાદ, ધારાવાહિક કાર્ટૂન વગેરે કાર્યક્રમો પણ પ્રકાશિત થવા જોઈએ.

(6) સંસ્કૃતના પ્રચાર પ્રસારાર્થે શેરી-નાટકો, મહાવિદ્યાલયોમાં સંસ્કૃત ભાષાની ઉજવણી, પદયાત્રા, ભાવભેરી, ભક્તિફેરી કરવી જોઈએ. પ્રૌઢ શિક્ષણના વર્ગો ચલાવવા જોઈએ.

(7) પ્રાદેશિક ભાષાઓ અને સંસ્કૃતને કેવી લોહીની સગાઈ છે તે બાબત વારંવાર વિદ્યાર્થીઓ સમક્ષ સ્પષ્ટ કરતા રહેવું જોઈએ.

(8) પ્રત્યેક પ્રાદેશિક ભાષાના શિક્ષણ માટે સંસ્કૃતનું પ્રાથમિક જ્ઞાન જરૂરી છે. તેના વિના ગુજરાતીમાં જોડણી, છંદ, અલંકાર, સંધિ, સમાસ વગેરે સરળતાથી શીખી શકાય નહીં. આ બાબત શિક્ષકોએ તથા વિદ્યાર્થીઓએ સમજવી જોઈએ.

(9) નવા શબ્દોનો સ્વીકાર કરવો જોઈએ.

(10) જ્યારે આપણે બધા સંસ્કૃત પ્રેમીઓ હંમેશા અને સર્વત્ર સંસ્કૃત વ્યવહાર કરીશું ત્યારે સહજતાથી સંસ્કૃત ભાષા આધુનિક ભાષા, વર્તમાન ભાષા છે એવી સમજ ઊભી થશે. આ પ્રકારે અધિક પ્રયોગ કરવાથી એ વ્યવહાર ભાષા થશે.

(11) કોઈ જ્ઞાતિનો ઇજારો આ ભાષા ઉપર છે એવી ભ્રાંતિ દૂર થવી જોઈએ.

(12) જે વર્ગ આ ભાષા ઉપર પ્રભુત્વ ધરાવે છે તે અન્યને આપવામાં સંકોચ અને સંકુચિતતા ન ધરાવે.

(13) વિભિન્ન સંસ્કૃત પાઠશાળાઓમાં પ્રત્યેક જ્ઞાતિના સંસ્કૃતના અધિકારી વ્યક્તિને પ્રવેશ આપવો જોઈએ.

(14) સંસ્કૃત વિદ્વાનોએ ધનકાર્પણ્યતા અને મતિકાર્પણ્યતાને છોડવાં જોઈએ.

(15) અનુદાન પાછળ થતો ભ્રષ્ટાચાર ન કરતાં આપણી ધરોહરને જાળવી રાખવા નિષ્ઠાપૂર્વક કર્મયોગ કરવો જોઈએ.

ટૂંકમાં, સંસ્કૃત સમગ્ર દેશના પ્રાન્તોની સંપર્ક ભાષા બનવા યોગ્ય છે અને પ્રાદેશિક ભાષાઓની ઉપજીવ્ય પણ. વિદેશોમાં પણ સંસ્કૃત અને સંસ્કૃતજ્ઞ સન્માન પામે છે. સંસ્કૃતને માધ્યમ બનાવી આપણે આંતરરાષ્ટ્રીય જગતમાં

ISSN: 2457-0273
(Online)
RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

પોતાના સાહિત્યને સુલલિત રૂપમાં વિકસિત કરી, આપણું મસ્તક ઊંચું કરી, ગૌરવ અને અને શ્રીની વૃદ્ધિ કરી શકીએ છીએ. એના પર આપણને ગર્વ થવો જોઈએ. એનો વિકાસ કરી પોતાના દેશમાં એકતા અને વિશ્વમાં ભારતના ઉદાત્ત ચરિત્રને સ્થાપિત કરવા પ્રયાસ કરવો જોઈએ કે જેથી આ વિશ્વની સંપર્ક ભાષા બને. આ પ્રકારના પ્રયત્નોથી ભારત વિશ્વગુરૂ બની શકે છે એમાં કોઇ બે મત નથી. બધું જ દ્રઢ સંકલ્પથી જ સંભવિત છે :

यं यमन्तमभिकामो भवति यं कामं कामयति |

सोऽस्य सङ्कल्पादेव समुपतिष्ठति, तेन सम्पन्नो महियते || (छान्दोग्योपनिषद्, ८.२.९०)

- **સંદર્ભ ગ્રંથ સૂચિ** :

1. પારેવડું (ત્રિમાસિક, સંસ્કૃત શિક્ષણ વિશેષાંક) : સં.ડો. સુરેશભાઈ ક. દવે તંત્રી : મોતીભાઈ મ.પટેલ, ૧૫, નવે.૧૯૮૬
2. स्मरणिका : त्रिदिवसीय अखिल भारतीय सम्मेलन, दिल्ली संस्कृत अकादमी, सं. श्रीकृष्ण सेमवाल, दिल्ली,दि. १०-१२/६/१९९३
3. लाभःउत हानिः ? (क्लासिकल् लाङ्ग्वेज्) : चमू कृष्ण शास्त्री, संस्कृत भारती, बेङ्गलूरु, युगाब्दः : ५१०७
4. सङ्क्रमणम् : चमू कृष्ण शास्त्री, संस्कृत भारती, बेङ्गलूरु, प्र.मुद्रण, १९९९
5. **शिक्षा**ङ्कः : कल्याण कार्यालय, गीताप्रेस गोरखपुर, १९८८ ई.
6. छान्दोग्योपनिषद् (सानुवाद शाङ्करभाष्य सहित : गीताप्रेस गोरखपुर

-----------

ISSN: 2457-0273
(Online)
RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

# ગ્રામીણ કોલેજ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓ

[ સમાજશાસ્ત્રીય અભ્યાસ લેખ ]

પ્રા.ડૉ.બચુભાઈ એ.રાઠોડ
શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ,રાધનપુર.

- પ્રસ્તાવના :-

નવરાશની પ્રવૃત્તિઓ માનવસમાજની એક સાર્વત્રિક સામાજિક ઘટના છે.જે માનવસમાજની જેટલી જ પ્રાચીન છે પણ,નવરાશની પ્રવૃત્તિઓ સમાજશાસ્ત્રીય અભ્યાસની દૃષ્ટીએ અત્યાધુનિક છે. કોઈ પણ પ્રાદેશિક સમાજની સામાજિક પરિસ્થિતિ, સામાજિક પ્રશ્નો,સામાજિક પરિવર્તન,વિકાસ અને સામાજિક ગતિશીલતાને વૈજ્ઞાનિક રીતે સમજવા માટે તે સમાજની ‘ નવરાશની પ્રવૃત્તિઓ ’ નો સમાજશાસ્ત્રીય અભ્યાસ આવશ્યક છે.કારણ કે, માનવીની નવરાશની પ્રવૃત્તિઓ એક સામાજિક ઘટના તરીકે સમાજજીવનના અનેકવિધ પાસાઓ અને પરિબળોથી પ્રભાવ પામતી અને પ્રભાવ પાડતી એક સામાજિક ઘટના છે.

પ્રસ્તુત અભ્યાસ લેખ ગુજરાતના ગ્રામ્ય સમુદાય અને સંસ્કૃતિ ઉપર કેન્દ્રિત થયેલો છે. જેમાં ગ્રામીણ કોલેજ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓ વિશે પ્રકાશ પાડવાનો સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ પ્રયત્ન થયો છે.જે સંદર્ભે ઉત્તર ગુજરાતના પાટણ જીલ્લાના સરહદી વિસ્તાર તાલુકાઓ રાધનપુર,સમી,સાંતલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી રાધનપુર ખાતે આવેલી શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ,રાધનપુરમાં વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાના સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા યુવકોની અનૌપચારિક મુલાકાત અને અવલોકનના આધારે પ્રસ્તુત અભ્યાસ લેખ આલેખાયેલો છે.

- **નવરાશ : એક સામાજિક ઘટના તરીકે :-**

માનવી એક સામાજિક પ્રાણી હોવાથી તેની અનેકવિધ જરૂરિયાતો છે.માનવીએ પોતાની વિવિધ જરૂરિયાતો સંતોષવા માટે અનેકવિધ પ્રવૃત્તિઓ કરવી અનિવાર્ય બને છે.આ માનવપ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને માનવપ્રવૃત્તિઓને ત્રણ પ્રકારોમાં વિભાજીત કરી શકાય, (1) મૂળભૂત જરૂરિયાતો સાથે સંબંધિત માનવપ્રવૃત્તિઓ (2) સાંસ્કૃતિક જરૂરિયાતો સાથે સંબંધિત માનવપ્રવૃત્તિઓ અને (3) વ્યાવસાયિક જરૂરિયાતો સાથે સંબંધિત માનવપ્રવૃત્તિઓ.

માનવી જે રીતે મૂળભૂત અને વ્યાવસાયિક જરૂરિયાતો સંતોષવા અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે તે જ રીતે સાંસ્કૃતિક જરૂરિયાતો સંતોષવા અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે.શ્રમ-કાર્ય ( Work ) સમાજજીવનનો એક ભાગ છે. તે જ રીતે નવરાશ કે ફૂરસદ ( Leisure ) પણ માનવસમાજનું અવિભાજ્ય અંગ છે. માનવીની ઉપરોક્ત ત્રણેય પ્રકારની જરૂરિયાતોથી પ્રભાવિત થતી અને પ્રભાવિત પામતી 'નવરાશ' એક વાસ્તવિક સામાજિક ઘટના છે.બીજી રીતે વિચારીએ તો,માનવીની સાંસ્કૃતિક જરૂરિયાતો સાથે સંકળાયેલ નવરાશની પ્રવૃત્તિઓ માનવસમાજનું એક અગત્યનું પાસું છે.આ રીતે,માનવસમાજના પ્રારંભકાળથી માનવજીવન સાથે અવિભાજ્ય અને અનિવાર્ય રીતે સંકળાયેલી 'નવરાશ'ની ઘટના એ સામાજિક વાસ્તવિકતા છે. માનવી માટે ' કામ અને નવરાશ ' , ' પ્રવૃત્તિ અને નિવૃત્તિ ' ( Work and Leisure ) સિક્કાની બે બાજુઓ છે.

વિશેષમાં,માનવીનો નવરાશનો સમય કે નવરાશની પ્રવૃત્તિઓ : એક સામાજિક ઘટના તરીકે સમાજ અને સંસ્કૃતિનાં અનેકવિધ પાસોથી પ્રભાવિત થાય છે અને પ્રભાવ પાડે છે. જેમ કે,સમુદાય,વય-જૂથ,શિક્ષણ,ભૌગોલિક,આર્થિક,સામાજિક,સાંસ્કૃતિક બાબતો,નૈતિક મૂલ્યો,સામાજિક ધોરણો વગેરેથી પ્રભાવિત થાય છે.માનવસમાજમાં પરિવર્તન, વિકાસ અને ગતિશીલતા જેવી સામાજિક પ્રક્રિયાઓ પણ જે તે સમાજની નવરાશની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થાય છે.તેવી જ રીતે,નવરાશ એક સામાજિક ઘટના તરીકે વ્યક્તિ.કુટુંબ,સમુદાય,સમાજ અને સમગ્ર સંસ્કૃતિ ઉપર પણ પ્રભાવ પાડે છે.માનવસમાજમાં પરિવર્તન, વિકાસ અને ગતિશીલતા જેવી સામાજિક પ્રક્રિયાઓ પણ જે તે સમાજની નવરાશની પ્રવૃત્તિઓ પ્રભાવ છે.આમ,માનવ સમાજ અને નવરાશની પ્રવૃત્તિ પારસ્પારિક કાર્યકારણ સંબંધથી સંકળાયેલ ઘટનાઓ છે.આ દૃષ્ટિએ ગ્રામ સમુદાય,શિક્ષણ,કોલેજ યુવાનો જેવી સામાજિક ઘટનાઓ નવરાશની ઘટનાઓથી કેમ અલિપ્ત રહી શકે ...!?

- **નવરાશ : એક સમાજશાસ્ત્રીય વિભાવના :-**

ફ્રાંસના વિખ્યાત સમાજશાસ્ત્રી જોફરે ડુમાઝેદિયરને 'નવરાશના સમાજશાસ્ત્ર 'ના પિતા ( **Father of leisure Sociology** )તરીકે ઓળખવામાં આવે છે. તેમના માર્ગદર્શન અને વ્યાપક પ્રભાવ નીચે યુરોપ અને અમેરિકાના દેશોમાં આ વિજ્ઞાનનો બહોળો વિકાસ થયો છે.જયારે ભારતમાં આ વિજ્ઞાનની શરૂઆત થઇ અને વિકાસ થઇ રહ્યો છે.

સમાજશાસ્ત્રીય અભિગમથી વિચારતા,'નવરાશનો સમય'અને 'નવરાશના સમયની પ્રવૃત્તિઓ 'ની વિભાવના સામાજિક ઘટના તરીકે અનેકવિધ વિદ્વાનોએ સ્પષ્ટ કરવા પ્રયત્નો કર્યા છે.જેમાં પ્રખ્યાત ફ્રેંચ સમાજશાસ્ત્રી જોફ્રી-ડુમાજેદિયર : ' ટુ વર્ડ એ સોસાયટી ઓફ લીઝર- 1967 ' ના મત મુજબ,......." એવી પ્રવૃત્તિઓ કે જેમાં વ્યક્તિ સંપૂર્ણપણે વ્યક્તિગત મુક્તતા અનુભવે,જેમાં કુટુંબ,વ્યવસાય અને સમાજના બંધન વિના મુક્ત રીતે પોતાની સ્વતંત્રતા,મનોરંજન અને વ્યક્તિગત વિકાસ માટે જે પ્રવૃત્તિઓ કરે તે નવરાશના સમયની પ્રવૃત્તિઓ "

આ વ્યાખ્યા અનુસાર સામાજિક જવાબદારી કે વ્યાવસાયિક જવાબદારી પૂર્ણ કર્યા પછી જે વધારાનો સમય મળે તે સમય એટલે નવરાશનો સમય. આ નવરાશના સમય દરમિયાન જે પ્રવૃત્તિઓ કરે તેમાં આર્થિક ઉપાર્જનનો કોઈ હેતુ ન રહેલો હોય એવી પ્રવૃત્તિઓ એટલે નવરાશના સમયની પ્રવૃત્તિઓ.

- **ગ્રામીણ કોલેજ યુવાનો અને નવરાશની પ્રવૃત્તિઓ :-**

ભારતને ' યુવાનોના દેશ ' તરીકે ઓળખવામાં આવે છે.વસ્તી બંધારણ રીતે વિચારતા 68% જેટલી વસ્તી ભારતના ગ્રામ સમુદાયોમાં વસવાટ કરે છે.તો 15 થી 35 વય ધરાવતા વયાજૂથનું પ્રમાણ ભારતમાં 70% જેટલું છે.વળી,યુવાનો એક સામજિક વર્ગ ( **A Social Category** ) તરીકે સમાજનું એક મહત્વનું અંગ છે.આધુનિક યુગમાં ભારતમાં ગ્રામ્ય-વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ અને આકાંક્ષાઓ વધતા વર્તમાન યુગમાં ગ્રામ-સમુદાયોમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ઉત્તરોતર વધતું રહ્યું છે.વળી,આજના સ્પર્ધાત્મક યુગમાં વ્યાવસાયિક કારકિર્દી ઘડતરના તબકકે ઉભેલા ગ્રામીણ કોલેજ યુવાનોને નવરાશનો સમય મળે છે કે કેમ ? તેમના નવરાશના સમયની પ્રવૃત્તિઓ કેવા પ્રકારની છે? આ પ્રવૃત્તિઓ અન્ય કઈ સામાજિક બાબતોથી પ્રભાવિત થાય છે અને પ્રભાવ પાડે છે ?- આ બધી સમાજશાસ્ત્રીય પૂર્વધારણાઓ આ અભ્યાસ લેખનો કેન્દ્રિત અભ્યાસ મુદ્દો છે.

- **પદ્ધતિશાસ્ત્ર :-**

સંશોધન પદ્ધતિશાસ્ત્રની દ્રષ્ટિએ પ્રસ્તુત અભ્યાસ લેખ સમાજશાસ્ત્રીય અભિગમથી સામજિક ઘટના તરીકે નવરાશની પ્રવૃત્તિઓ,ગ્રામ વિસ્તાર, શિક્ષિત કોલેજ યુવાનો- આ ત્રણ પરિમાણો પર પ્રકાશ પાડે છે. જે સંદર્ભે ઉત્તર ગુજરાતના

પાટણ જીલ્લાના સરહદી વિસ્તાર તાલુકાઓ રાધનપુર,સમી,સાંતલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી રાધનપુર ખાતે આવેલી શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ

એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ,રાધનપુરમાં વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાના સ્નાતક કક્ષાએ શૈક્ષણિક વર્ષ: 2016-17 દરમિયાન અભ્યાસ કરતા યુવાનોની (યુવકો) અનૌપચારિક મુલાકાત અને અવલોકનના આધારે માહિતી એકત્ર કરી સમાજશાસ્ત્રીય અવલોકનો – સામાન્યીકરણો તારવવામાં આવ્યા છે.

- **અભ્યાસના અવલોકનો – સામાન્યીકરણો :-**

(1) ગ્રામીણ કોલેજ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓ ગ્રામીણ વિસ્તાર અને ગ્રામ્ય સંસ્કૃતિથી સવિશેષ પ્રભાવિત થાય છે,જેમાં મુખ્યત્વે ગ્રામીણ યુવાનોનો ધર્મ,જ્ઞાતિ,માતા-પિતાનો સામાજિક-આર્થિક દરજ્જો,શિક્ષણ,આવક વગેરે બાબતો ગ્રામીણ કોલેજ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓ પ્રભાવિત થાય છે.

(2) ગ્રામીણ કોલેજ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓ સમયની દૃષ્ટિએ દૈનિક,અઠવાડિક,માસિક અને વાર્ષિક નવરાશની પ્રવૃત્તિઓ અને ખાસ વિશેષ તહેવારો –ઉત્સવો કે ગ્રામ્ય કક્ષાના સ્થાનિક આયોજનના સમયે-આ રીતે સમયગાળા મુજબ પ્રકારોમાં વિભાજીત થાય છે.

(3) ગ્રામીણ કોલેજ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓ : ગ્રામીણ જીવનશૈલીથી ( ગ્રામ્ય સંસ્કૃતિ ) એટલે કે,ધાર્મિક તહેવારો,ઉત્સવો,પ્રસંગોથી પ્રભાવિત થાય છે,વ્યક્ત થાય છે.

(4) ગ્રામીણ કોલેજ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓ વિશેષ રીતે માતા-પિતાના વ્યવસાયોથી એટલે ખાસ કરીને કુટુંબની આર્થીક સ્થિતિથી પ્રભાવિત થાય છે,આયોજિત થતી હોય છે.( બિન-આર્થિક કે ઓછી ખર્ચાળ પ્રવૃત્તિઓ )

(5) ગ્રામીણ કોલેજ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓ આધુનિક યુગમાં ટેકનોલોજીથી વિશેષ પ્રભાવિત હોવાનું જણાય છે.જેમાં મોબાઈલ,કમ્પ્યુટર,ઈન્ટરનેટ વગેરેનો પ્રભાવ સવિશેષ હોવાનું જણાય છે.

(6) ગ્રામીણ કોલેજ યુવાનો મોટા ભાગના અભ્યાસ માટે અપ-ડાઉન કરતા હોવાથી મોટા ભાગનો સમય અપ-ડાઉનમાં વ્યતિત થતો હોવાથી નવરાશની પ્રવૃત્તિઓ માટે નવરાશનો સમય ઓછો મળતો હોવાનું દર્શાવી રહ્યા છે.

(7) ગ્રામીણ કોલેજ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓ ગ્રામીણ સમુદાયમાં સ્પર્ધાનું ઓછું પ્રમાણ ,માતા-પિતાની અપેક્ષાઓ,કારકિર્દી ઘડતરની ચિંતા અને કોલેજનો અભ્યાસ –આ બધી બાબતોથી સવિશેષ પ્રભાવિત થાય છે.

**(8)** ગ્રામીણ કોલેજ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓથી ગ્રામીણ સમુદાય અને ગ્રામીણ સંસ્કૃતિ પણ પ્રભાવિત થાય છે,કારણ કે,કોલેજ યુવાનો કોલેજના યુવા-

પેઢીના વિચારો,વાળનો અને વર્તનોથી પ્રભાવિત થાય છે જેની અસર તેમના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા અન્ય યુવાનો ઉપર પણ થાય છે.

- **ઉપસંહાર :-**

આમ,ગ્રામીણ કોલેજની યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓ ગ્રામીણ વિસ્તાર,ગ્રામીણ સામાજિક પરિસ્થિતિ,ગ્રામીણ સંસ્કૃતિથી પ્રભાવિત થતી હોવાનું સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ નોંધી શકાય.વાળી,ગ્રામીણ કોલેજ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓથી ગ્રામીણ જીવન,ગ્રામીણ સમાજ અને ગ્રામ્ય-સંસ્કૃતિ પણ પ્રભાવિત થાય છે.ટૂંકમા,ગ્રામીણ કોલેજ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓ ,ગ્રામીણ સમુદાય,ગ્રામ્ય-જીવનશૈલી અને ગ્રામ્ય સંસ્કૃતિ પારસ્પારિક ગાઢ રીતે સંકળાયેલા છે.

- **સંદર્ભ :-**

**(1)** ડૉ.રમણીક ભટ્ટી : ‘ યુવાનોનું સમાજશાસ્ત્ર ’,- એક વિકસતા વિજ્ઞાનની રૂપરેખા ( મુખપત્ર-સૌરાષ્ટ્ર
યુનિ.રાજકોટ.માર્ચ-1995 )

(2) ડૉ.બચુભાઈ એ.રાઠોડ : ‘ યુવાનોની નવરાશની પ્રવૃત્તિઓ ’ –2004,પાર્શ્વ પબ્લિકેશન,અમદાવાદ.

(3) પ્રા.ડૉ.જે.કે.જોષી અને જે.કે દવે : ‘ પર્યાવરણનું સમાજશાસ્ત્ર ’- 2020,અનડા પ્રકાશન,અમદાવાદ.

********************

ISSN: 2457-0273 (Online)
RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

# अथर्ववेद में विश्वशांति : एक अभ्यास

**डॉ. बलाभाई एस. रबारी** *

**आसिस्टन्ट प्राध्यापक, संस्कृत विभाग,** त्रिकमजीभाई चटवानी आर्ट्स और जे.वी . गोकल ट्रस्ट कॉमर्स कॉलेज, राधनपुर जिल्ला –पाटन, राज्य-गुजरात

समग्र विश्व का प्रचीनतम साहित्य वेद है । विविध ऋषिओं को वेदमन्त्रो का समाधिस्थ स्थिति में दर्शन हुआ था । अतैव ऋषिओं वेद मन्त्रों के कर्ता नहीं, परन्तु द्रष्टा है ।[१] वेद मानुषी नहीं है । अर्थात् इन की रचना कोई भी व्यक्ति-विशेषने नहीं की है । इसलिये वेद को अपौरुषेय माना गया है । वेद तो स्वयं ईश्वर का सर्जन है । अतः इन को ईश्वर का श्वासोच्छ्वास माना गया है ।[२]

हमारे ऋषि-मुनियों का जीवनमन्त्र था- कृण्वन्तो विश्वम् आर्यम् ।[3] इसलिये सारे विश्व को आर्य बनाने के लिये उन्हों ने कडी महेनत की और वेदों के जरीये विश्वसंस्कृति का निर्माण किया। हमारी वैदिक संस्कृति ही विश्वसंस्कृति है, उसका बयान वेदो में जगह जगह पर नजर आते है ।

विश्वसंस्कृति के निर्माण के लिये मानव-मानव के बीच में आपसी मेलजोल, सद्-भावना एवं नित्य प्रेमप्रवाह होना आवश्यक ही नहीं अपितु अनिवार्य है । मानव-मानव के बीच जब एकता की गाथा रची जायेगी तब विश्वकल्याण होगा, तब विश्व में शांति आयेगी । ऐसा एकता गान वेदो में जगह-जगह पर गाया गया है । चारों वेदो में से विशेषतः अथर्ववेद, मानवीय संवेदनाओं एवं भावनाओ- याचनाओं से आपूर्ण है । कई विद्वज्जन अथर्ववेद को अर्वाचीन मानते हैं । पर हमारे परम तपस्वी, तेजमूर्ति एवं आजीवन वेदोपासक महर्षि दयानन्दजी ने अथर्ववेद की भी प्राचीनता अपने निझी ढंग से अपने ग्रन्थों में सिद्ध की है

ISSN: 2457-0273
(Online)
RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

।[४] अतएव अथर्ववेद भी प्राचीन है, इतना ही नहीं, चारों वेदो में से मानवीय भावनाओं से

जुडा

(1) ऋषिदर्शनात् । ऋषयो मन्त्रद्रष्टारः । निरुक्त 1-1, निघण्टु और निरुक्त, हिन्दी अनु. एवं सम्पा. डो. लक्ष्मणस्वरूप, मोतीलाल बनारसीदास, दिल्ली, सन् 1997

(2) एसा कहा गया है कि ईश्वरस्य निःश्वसिताः वेदाः ।

(3) यह मन्त्र से ही हमारे ऋषिओं ने सारे विश्व को एकजुट करने का यत्न किया । इस मन्त्र से ही "वसुधैव कुटुम्बकम्" की भावना ने जन्म लिया ।

(4) देखीये (1)'ऋग्वेदादि भाष्यभूमिका' स्वामी दयानन्द सरस्वती, दर्शनयोग महाविद्यालय रोजड और सत्यार्थ प्रकाश, आर्य समाज, अहमदाबाद और दयानन्द के अन्य ग्रन्थ

हुआ विशिष्ट वेद है । इस में मानव-मानव के आपसी द्वेष और ईर्ष्याभाव का परिहार कर के परस्पर ऐक्य निर्माण की प्रतिष्ठा की गई है । ऐसे जो कुछ ऐक्यविषयक विचार अथर्ववेद में है, इन में से कुछ प्रमुख विचारों के प्रति अंगुलिनिर्देश करने का यह लेख का एक विनम्र प्रयत्न है ।

**अथर्ववेद के कुछ ऐक्यविषयक प्रमुख विचारः**

मानव-मानव के बीच में परस्पर ऐक्य की प्रस्थापना के लिये प्रथम (1) पारिवारिक ऐक्य, (2) सामाजिक ऐक्य और (3) राष्ट्रीय ऐक्य प्रस्थापित करना पडेगा । अथर्ववेद में भी इसके बारे में कुछ कहा गया है । जैसे कि –

(1) परिवार के सभी सभ्यों में आपस में परस्पर प्रेमभाव होना चाहिए । इस सन्दर्भ में अथर्ववेद कहता है कि - सहृदयं सांमनस्यमविद्येषं कृणोमि वः

अन्यो अन्यमभि हर्यत वत्सं जातमिवाध्न्या ।[५] अर्थात् जैसे 'गाय अपने बछडे को चाहती है, प्रेम करती है, इस तरहा परिवार में परस्पर के साथ प्रेम से रहना चाहिए ।' कई जन्मों के पुण्योदय से सुपुत्रप्राप्ति कुलदीपक जैसे पुत्र की प्राप्ति होती है ।

(2) कोई भी परिवार की अपनी श्रेष्ठ संपत्ति केवल संतान ही होती है । "सम्यक् तनोति इति सन्तानः" ऐसा कहा गया है ।[६] भारतीय संस्कृति में पुरुष और स्त्री की

पाणिग्रहणविधि केवल पुत्र या पुत्रों की उत्पत्ति के लिये ही होती है। कोई भी भारतीय व्यक्ति वह चाहे पुरुष हो या स्त्री अपने वंशविस्तार के लिये पुत्रप्राप्ति की कामना अवश्य रखता है। हमारे पौराणिक काल में भी दशरथ राजा जैसे कई राजाओंने पुत्रप्राप्ति के लिये "पुत्रकामेष्टि यज्ञ" करवाये थे। भारतीय संस्कृति में 'पुत्र' शब्द का अपना निजी महत्त्व है - "पुं नाम नरकम् त्रायते इति पुत्रः" ऐसा कहा गया है। मृत्यु के बाद (अपनी) सद्-गति पुत्र से की गई श्राद्धविधि से ही होती है, ऐसी भारतीयों की शास्त्र और धर्ममूलक पारंपरिक मान्यता है। ऐसी शास्त्रसंमत मान्यता भी हरकोई भारतीय के दिल में पहले से अपना स्थान ले चूकी है। अतएव भारतीय संस्कृति में सुपुत्रप्राप्ति का अपना अनूठा महत्त्व है। अथर्ववेद भी कहता है - अनुव्रतः पितुः पुत्रो मात्रा भवतु संमनाः।[7] अर्थात् "पुत्र पिता के अनुकूल कर्मों करनेवाला (हो) और माता के प्रति समान मनवाला होना चाहिए।"

(3) गृहस्थ धर्म का मूलाधार पति और पत्नी है। ये दोनों में परस्पर आपसी सद्- भाव

(5) अथर्ववेद संहिता, 3.30.1

(6) "तनु विस्तारे" (तु.उ.से.)। कित (3-3-14) संसतिः स्यात्पंक्तौ गोत्रे पारमार्थे च पौत्र पौत्राणाम् मेदनी। 66-168

(7) अथर्ववेद, 3.30.2

रहना चाहिये। ये दोनों में से घर को चलाने की बडी जिम्मेदारी पत्नी को उठानी पडती है। उसे बच्चों की देखभाल और सारा घर का ध्यान भी रखना पडता है। श्वसुरपक्ष के सभी लोगों के मन को अनुकूल व्यवहार करना पडता है। इसलिये पत्नी को घर की लक्ष्मी कही गई है। अच्छी पत्नी से ही गृस्थ धर्म का यथार्थ पालन पति कर सकता है। तथैव परिवार

में सुख और शांति बने रहेगें । इस तरहा अच्छी तरह से गृहस्थी चलाने के लिये सुपत्नी का होना अनिवार्य बन जाता है । अथर्ववेद भी कहता है –

जाया पत्ये मधुमती वाचं वदतु शान्तिवाम् ।।[८]

"पत्नी पति के लिये माधुर्ययुक्त, और सुख-शांति प्रदाता बानी बोले ।"

(4) परिवार के अन्य सदस्यों के लिये भी अथर्ववेद कहता है – मा भ्राता भ्रातरं द्विक्षन् मा स्वसारमुत स्वसा । सम्यञ्चः सव्रता भूत्वा वाचं वदत भद्रया ।।[९] "भाई (अपने दूसरे) भाई का और बहन (अपनी दूसरी) बहन का द्वेष न करे । सब एकमति बनकर, अपने अपने कर्म कर कर, उत्तम रीति से कल्याण कारी बानी बोलो ।" इस तरहा परिवार में सांमनस्यम् सधाना चाहिए ऐसा अथर्ववेद का कहना है । क्यूं कि व्यक्ति (वह चाहे पुरुष हो या स्त्री) जब तक अपने स्वजनों को प्यार नहीं कर सकता तो फिर समग्र राष्ट्र को और विश्व को कैसे प्यार कर सकेगा ? उसका व्यवहार औरों के साथ प्यारभरा हो, ऐसी उम्मीद हम कैसे रख सकेगें ? इसलिये प्यार का सद्-भाव का, सदाचरण का पहला पाठ हरकोई व्यक्ति को पहले अपने परिवार में ही पढना पडेगा । परिवार ही हमारी प्रथम पाठशाला है ।

(5) अथर्ववेद हमें सामाजिक व्यवहार भी शीखाता है । वह कहता है-"वृद्धों का सन्मान करो, अपने अपने कर्तव्य में मन को जोड दो । आपस में कभी भी अलगाव न हो, सब साथ मिलकर गृहस्थ के कार्य करो । (जैसे) गाडे के धुरे से आगे जाते हुए बैलों की तरहा सब मिलके चलो । एकदूसरे के प्रति सुंदर और मधुर वचन बोलो । एकदूसरे के घर पर आनेजाने का व्यवहार रखो । परस्पर (विचारों में) साथ चलो । मैं आप सब को समान मनवालें बनाता हुं ।"[१०] अर्थात् अथर्ववेद का कहना है की परिवार में जैसे हम सद्-भावना से

**रहते है इस तरह समाज में भी रहना चाहिए . हमारा सामाजिक व्यवहार भी प्यारभरा ही होना चाहिए ।**

**विशेषतः जो व्यक्ति परिवार और अपने समाज में प्यारभरा व्यवहार करता है वह सारे राष्ट्र में और बाद में सारे विश्व में भी प्यारभरा व्यवहार करेगा, कर सकेगा । परिवार में तो**

(8) **अथर्ववेद**, 3.30.2

(9) **अथर्ववेद**, 3.30.3

(10) **ज्यायस्वन्तश्चित्तिनो मा वि यौष्ट...संमनसस्कृणोमि ॥ अथर्ववेद**, 3.30.4

**एकदूसरे से लोग खून के रिश्ते से जुडे होते है, इसलिये परिवार में हरकोई व्यक्ति को अनुकूलन साधना ही पडता है । व्यक्ति समाज में ही पलता है, बडा होता है । इसलिये समाजऋण को ध्यान में रखकर सज्जन लोग प्यारभरे व्यवहार से समाज में पेश आते है । पर परिवार और समाज की तरहा व्यक्ति राष्ट्र से सीधा जुडा हुआ नहीं है । इसलिये राष्ट्र के प्रश्नों और तकलीफों से वह बेखबर रहता है । क्यूं कि राष्ट्र से उसका कोई सीधा संपर्क और सम्बन्ध नहीं है ।जिस व्यक्ति से हमारा लगाव है, महत्त्व है खून का रिश्ता है और जिस से हमारी जानपहचान बन गई है बस इस से ही हमारा अपनापन होता है । पर जिस से हमारी कोई जानपहचान नहीं है, उसकी मौत की खबर भी हमें चलित नहीं करती है । पर दयानन्दजी, विवेकानन्दजी जैसे सच्चे संन्यासी एवं गांधीजी जैसे महापुरुष तो समग्र विश्व को प्यार करते थे । उन्हें अपना-पराया ऐसा भेदभाव नहीं था । इसलिये ये महापुरुषें सारे विश्व में से कोई भी व्यक्ति की पीडा वा नुकसान अपने कंधे उठा लेते थे । इस तरहा जो हमदर्द है, जो विश्वकल्याण और शांति की कामना की ठान लेकर बैठे है, वे लोग ही विश्वशांति के लिये चिंता और चिंतन करते है । अन्य लोग तो "खादत मोदत पिबत भोगत"**

में ही मस्त रहते है । पर ऐसा जीवन, इन्सान का नहीं एक पशु का ही जीवन हो सकता है । क्यूं कि पशु को विवेक, विचार और वर्तन में सभ्यता की आवश्यकता का ख्याल नहीं है, पर इन्सान तो वो है जो किसी के काम आ सके । इसलिये ही कहा गया है कि - "हम न सोचे हमें क्या मिला है, हम ये सोचे किया क्या है अर्पण ?" बस यही सच्चे इन्सान की परिचायक पंक्ति है ।

(6) आज मानव परस्पर भयभीत है । उसकी भीति को हटाने के लिये अहिंसक वृत्ति का समर्थन और पालन आवश्यक ही नहीं अपितु अनिवार्य है । जब भय टल जायेगा तब विश्वास आयेगा ना ?..!! इसलिये मानव-मानव के बीच में सब से पहले "हिंसा विरोध की भावना" जगानी पडेगी । अथर्ववेद में भी यह कामना की गई है कि हम सब प्राणी न तो कभी हिंसित ही होंगे और न कभी हिंसक बनेगें ।[११]

(7) मानव-मानव की एकता के बीच में द्वेष और ईर्ष्या की भावना दीवार बनके खडी है । अथर्ववेद में ये दोनों वृत्ति से हमें बचाने की कामना की गई है ।

अग्नेरिवास्य दहतो दावस्य दहतः पृथक् ।

एतामेतस्येर्ष्यामुद्नाग्निमिव शमय ॥१२

"अग्नि के समान (दहतः) जलाता (हुआ) वह इर्ष्यालु का यह इर्ष्याभाव तथा इसके अलावा

(11) पूषन् तव व्रते वयं न रिष्येम कदाचन । स्तोतारस्त इह स्मसि ॥ अथर्ववेद, 7-9-3

(12) अथर्ववेद, 7-47-1

जलाता (दावस्य) प्रचंड अग्नि जैसा (एतस्य) उस के इर्ष्याभाव को, (शमय) तु शान्त कर । (उद्ना अग्निम् इव) जैसे जल से अग्नि को शांत किया जाता है ।" हमारे में रहे द्वेषभाव

को दूर करने के लिये अथर्ववेद कामना करता है कि - 'जो हम से द्वेष रखता हो अथवा हम जिससे द्वेष रखते है, उसे भी (हे चन्द्रात्मन् !) तु प्राण-जीवन दे । वह भी भले-फूले और हम भी फले-फूले । हम सब गाय, बैल, घोडा, पुत्र, पौत्र, पशु, घर एवं धन आदि से भरपूर हो।'[१३]

(8) मानव-मानव के बीच में जो भेदभाव है उसे हटाना पडेगा । अथर्ववेद भी कहता है

नमो ज्येष्ठाय च कनिष्ठाय च, नमः पूर्वजाय चापरजाय च । नमो मध्यमाय चाप्रगल्भाय च, नमो जघन्याय च बुदन्याय च ॥१४ अर्थात् सबको प्रेमभाव से नमस्कार करना चाहिये । सब को यथार्थ मान देना चाहिये । श्रेष्ठ, उदार और सज्जन प्रकृति के इन्सान हरहमेश सबका आदर और प्यारभरे शब्दों से सबका अभिवादन करते है । ऐसे प्यारभरे शब्दों से उंच-नीच, स्वामी-नौकर, अमीर-गरीब, विद्वान-निरक्षर जैसे कई द्वंद्व मीट जाते हैं । इसलिये अथर्ववेद में स्वभाव से मधुर बनने की कामना बताई गई है । जैसे की- मधुमन्मे निक्रमणं मधुमन्मे परायणम् । वाचा वदोर्मि मधुमद् भूयासं मधुसंदेशः ॥१५ अर्थात् जिस के व्यवहार, क्रिया और वाचा में मधुरता हो, उसे ही सब प्रेम करते है । संसार में ऐसे लोग ही कुछ शुभ कार्य कर जाते है ।

(9) "संघे शक्तिः कलौ युगे" ऐसा कहा जाता है । अर्थात् कलियुगमें संगठन में ही शक्ति है । सज्जन, उदारचरित और परोपकारी लोगों का संगठन बनना ही चाहिये । ऐसी संगठनशक्ति की समज हमें ऋग्वेद के 10-161 संज्ञानसूक्त से मिलती है । संगठित लोगों में एकता की भावना उस सूक्त में जताई गई है । संगठन में भी हमें मिलजुलकर रहना चाहिये । अथर्ववेद में संगठनशक्ति का यशोगान "सांमनस्यम् सूक्त" 3-30 में दृग्गोचर

**होता है । जैसे की –सहृदयं सांमनस्यम विद्वेषं कृणोमि वः ।अन्यो अन्यमभिहर्यत वत्सं जातमिवाधन्या ॥[१६] अर्थात् हमें पारस्परिक वैरभाव को छोडकर सहृदयी, मनस्वी एवं उत्तम**

---

(13) **यो ईऽस्मान् द्येष्टि यं वयं दयिष्म-स्तस्य त्वं प्राणेना ण्यायस्व ।**

**आ वयं प्याशिषीमहि गोभि-रश्वैः प्रजया पुशुभिर्गृहैर्धनेन ॥** (**अथर्ववेद** 7-81-5)

(14) (1) **यजुर्वेद संहिता** 16-32

(15) (1) **अथर्ववेद** 1-34-3

(16) (1) **ऋग्वेद में भी कहा है - समानी आकूतिः समाना हृदयानि वः ।**

**समानमस्तु वो मनो यथा वः सुसहासति ॥ ऋ.** 10-9-4

(2) **सहृदयं सांमनस्यम... वत्सं जातमिवाधन्या ॥ अथर्ववेद** 3-30-1

**स्वभाववाला बनना पडेगा । एकदूसरे को प्यारभरी नजर से देखना चाहिये, तब ही हम सुखी हो सकेगें ।**

(10) **अब प्रश्न यह उठता है कि मानव-मानव में एकता की साधना की क्या जरूरत है? (किस लिये) मानव मानव एक बने ऐसी भावना वेदोंने क्युं बताई है ? ये सारें प्रश्नों का, शंकाओं का बस एक ही उत्तर है - राष्ट्रसुरक्षा ।**

**मानव मानव के बीच एकता निर्माण से पारिवारिक एवं सामाजिक व्यवहार कार्यो में भी एकता नजर आयेगी । सामाजिक एकता का विस्तृत रूप राष्ट्रीय एकता तक पहुंचेगा । आखिर में हम सब लोगों को एक रहकर हमारी राष्ट्र की सुरक्षा भी किसी भी कीमत पर करनी है । अथर्ववेद भी कहता है– यस्यां पूर्वे पूर्वजना विचक्रिरे, यस्यां देवा असुरानभ्यवर्तयन । गवामश्वानां वयसश्च विष्ठा, भगं वर्चः पृथिवी नो दधातु ॥[१७] अर्थात् जिस राष्ट्र का हमारे**

**पूर्वजो ने निर्माण किया है और असुरों से रक्षा की है, उस के निर्माण के लिये हमें त्याग और बलिदान की तैयारी भी रखनी पडेगी ।**

(11) **राष्ट्रीय एकता के बाद ही विश्वएकता आयेगी । "वसुधैव कुटुम्बकम्" की हमारे ऋषिमुनियों की जो मनीषा थी वह ही विश्वएकता की पहलु थी । हमारे ऋषि-मुनियों का बस एक ही जीवनमन्त्र था- कृण्वन्तो विश्वम् आर्यम् । विश्व के हरकोई कोने में बसनेवाला "आर्य हो" ऐसी कामना हमारे ऋषि-मुनि रखते थे। जब तक ऐसी वैश्विक एकता सध नहीं जाती तब तक विश्व में शांति कैसे आ सकेगी? इसलिये "कृण्वन्तो विश्वम् आर्यम्" यह ही विश्वशांति का पैगाम है। विश्व के सभी मनुष्य अपने सारे बंधन छोडकर एक हो जाये ऐसा वैश्विक एकता का अर्थ है । हमें पद, प्रतिष्ठा, कीर्ति, सत्ता ये सब चाहिये किस लिये? अपने भौतिक एवं सामाजिक विकास के लिये, बस हमारी केवल इतनी ही सोच है। पर हमारे ऋषि-मुनि हमें आत्मिक विकास की चोटी पर ले जाना चाहते थे। इसलिये उन्हों ने आत्मोन्नति के लिये विश्वएकता की कामना की । केवल शारीरिक, आर्थिक, भौतिक, सामाजिक एवं नैतिक विकास से ही मानवजीवन संपूर्ण नहीं बनता । आध्यात्मिक विकास से ही वह संपूर्ण बनता है । वसुधामाता को प्रार्थना करने से ही "वसुधैव कुटुम्बकम्" की भावना हम बरकरार रख सकते है । इसलिये अथर्ववेद में "पृथिवीसूक्त" रचा गया है । हमारी वैश्विक एकता की कामना इसमें की गई है । इतना ही नहीं अथर्ववेद में ही कहा गया है की –**

**असम्बाधं बध्यतो मानवानां यस्या उद्धतः प्रवतः समं बहु ।**
**नानावीर्या औषधीर्च्या बिभर्ति पृथिवी नः प्रथां राध्यतां नः ॥१८**

(16) **अथर्ववेद**, 12-1-5

(17) **अथर्ववेद**, 12-1-2

ISSN: 2457-0273
(Online)
RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)
"जिस भूमि के रहनेवाले मनुष्यों में उंच-नीच वा समता के विषय में असंबोध भाव (अद्वेष भाव) है, जो नाना प्रकार के वीर्यो, बलो और औषधियों का भरणपोषण करती है, वही मातृभूमि हमें फैलने में सहायक हो - हमारे प्रेमप्रदर्शन में सहायक हो ।" अर्थात् मानव मानव के बीच दरारे डालनेवालें जो नाना प्रकार के (जैसे उंच-नीच, अमीर-गरीब, विद्वान-निरक्षर आदि) विरोधी भाव है, जो परस्पर प्रद्वेष-विद्वेष के जनक है, उसे केवल पृथिवीमाता ही मीटा सकती है । क्युं कि ये सब विरोध भाव पृथ्वी पर ही जन्में है । इसलिये ही हमारे ऋषि-मुनियों ने आत्मोन्नति के लिये ये विरोधी भावों को दूर करने के लिये पृथिवीमाता को ही प्रार्थना की है ।

(12) अगर विश्वशांति हम चाहते है तो चारों दिशाओं में से वैर, शत्रुता की भावना भी हटानी पडेगी, मीटानी पडेगी । अथर्ववेद की भी यही कामना है की –

अनमित्रं नो अधरादनमित्रं न उत्तरात् । इन्द्रानमित्रं नः पश्चादनमित्रं पुरस्कृधि ॥[१९] "हे इन्द्र ! हमें नीचे के भाग से अशत्रुत्व प्राप्त हो, उत्तर से हमें अशत्रुत्व प्राप्त हो. पश्चिम से हमें अशत्रुत्व और पूर्व दिशा से भी हमें अशत्रुत्व अर्थात् शत्रुरहित करो ।"

विश्वशांति के लिये हमें आपसी मतभेद, पूर्वग्रह, वैरभाव और परायापन को हटाना पडेगा । सारे विश्व के लोग अगर एकता का यह मन्त्रगान करेगा तो सारा संसार हिलमिल कर रह सकेगा ।

कई लोग आज विश्व में शांति कैसे आये इस की चिंता और चिन्तन में लगे है । विश्व का प्राचीनतम साहित्य वेद है इन चारों वेदो में यह कामना जताई गई है । विशेषतः अथर्ववेद तो चारों वेदो में से मानवीय संवेदना और भावनाओं का उद्घाटक है, परिचायक है । मानवीय कामनाओं की पूर्ति का वेद अथर्ववेद है । अथर्ववेद में भी सारे संसार के लोगों में

कैसे एकतानिर्माण हो सके इस के बारे में गहन चिन्तन दृष्टिगोचर होता है। ऐसे चिन्तन की कुछ प्रमुख कणिकायें प्रस्तुत लेख में निर्देशित है। ऐसी चिन्तनकणिकाओं का स्वाध्याय और उसके अनुसार आचरण करने से ही सारे विश्व में शांति आ सकेगी, सारे विश्व का कल्याण हो सकेगा।

(19) अथर्ववेद, 3-19-3, उत्तरात्-अधरात्, दक्षिणात्। उत्तरात इन तीन शब्दों से "आति" प्रत्यय होकर उक्त रूप पंचमी एकवचन में निष्पन्न होता है।

<u>अन्य सहायक ग्रन्थ-सूचिः</u>

(1) "अथर्ववेद-शतक" (गुर्जर अनुवाद सहित) संग्रहकार एवं सम्पादक कमलेशकुमार छ. शास्त्री, प्रकाशक-गुरुदासमल छांगाराम, अहमदाबाद, द्वितीय संस्करण, एप्रिल, 1999 ई.स.

(2) "वेदसौरभ", स्वामी जगदीश्वरानन्द सरस्वती, प्रकाशक-विजयकुमार गोविंदराम हासानंद, दिल्ली, प्रथम संस्करण, एप्रिल, 2005

(3) "वेदों का दिव्य संदेश", श्रीराम शर्मा आचार्य, युगनिर्माण योजना, गायत्री तपोभूमि मथुरा, उत्तरप्रदेश, एप्रिल, 2005

(4) "वैदिक अध्यात्म-ज्योति" (जन-ज्ञान मासिक पत्रिका का विशेषांक, 400 वेदमन्त्रों का अर्थ सहित संग्रह), जन-ज्ञान प्रकाशन, 1567 हरध्यानसिंह मार्ग, नई दिल्ली, 5, मार्च, 1970

(5) "वैदिक आदर्श परिवार", रामप्रसाद वेदालंकार, (श्रद्धा साहित्य प्रकाशन का चौबीसवाँ पुष्प), प्रकाशक-बहिन नरेन्द्र बब्बर, (आर्य), दिल्ली, द्वितीय संस्करण, मई, 1988

(6) "वैदिक साहित्य और संस्कृति", वाचस्पति गैरोला, चोखम्बा संस्कृत प्रतिष्ठान, दिल्ली,

**तृतीय संस्करण**, 1997

(7) "**वैदिक-सूक्त मुक्तावलि**", **सम्पादक-डो. लम्बोदर मिश्र, हंसा प्रकाशन, जयपुर, प्रथम संस्करण**, 2005

ISSN: 2457-0273
(Online)
RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

# “જૈન-સાહિત્યમાં જૈન-શિક્ષણ-દર્શન”

- પ્રા.ડૉ.કુંજલબેન બારોટ

પ્રાચીન અને મધ્યકાલીન સમયમાં ધર્મ એ પ્રભાવક પ્રેરકબળ હતું, કેમકે જીવનમાં અનેક અંગો ધર્મનાં રંગે રંગાયેલા હતા. એમાં વ્યાપક અર્થમાં ધર્મજીવન ઉપરાંત આર્યધર્મના વિવિધ સંપ્રદાયોનો સમાવેશ થાય છે. જેમાં પહેલાં જૈનધર્મ લઈએ, કેમકે નરસિંહ મહેતા પૂર્વેનું મોટાભાગનું ઉપલબ્ધ જૈન સાહિત્ય છે. એનું કારણ એ નથી કે, જૈનેતર સાહિત્ય રચાયું જ નહીં હોય પણ જૈન ગ્રંથભંડારોની સામાજિક સંગોપનપદ્ધતિને કારણે જૈનસાહિત્ય વ્યવસ્થિત રીતે સચવાયું એટલો જ એનો અર્થ છે. જૈનેતરકૃત જે થોડુંક સાહિત્ય મળે છે તે પણ જૈન ભંડારોમાં સચવાયું છે,તે હકીકત આ વિધાનનું એક પ્રમાણ છે. પંદરમા સૈકા પછીના કાલખંડમાં જૈન સાહિત્ય વિપુલ પ્રમાણમાં મળે છે. આ જૈન સાહિત્યમાંથી જૈનદર્શન અને જૈન શિક્ષણના ખ્યાલને પામી શકાય છે. જૈન શિક્ષણના હેતુઓ, પદ્ધતિ, અભ્યાસક્રમ, શિક્ષકની ભૂમિકા, શિસ્ત દ્વારા જૈનદર્શનને સારી રીતે સમજી શકાય છે.

જૈનદર્શન એ વેદોને પ્રમાણ ન માનનારું ભારતીય દર્શન છે.જૈનદર્શન મનુષ્યના જીવનમાં અહિંસા, ત્યાગ, તપસ્યા વગેરે પર ભાર મૂકે છે. જૈન શબ્દ ‘જિન’ અર્થાત્ ‘ઈન્દ્રિયોને જીતનાર’ પરથી બનેલો છે. અર્હત અથવા તીર્થંકર જિન ગણાય છે. જૈનો માને છે કે તેમનો ધર્મ અનાદિ અને સનાતન છે, પરંતુ કાળથી સીમિત છે. આથી તેનો વિકાસ તિરોભાવ ક્રમથી બે ચક્રો ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં વિભક્ત છે. ઉત્સર્પિણી એટલે ઉપર ગતિ કરનાર અને અવસર્પિણી એટલે નીચેની તરફ ગતિ કરનાર. જૈનદર્શન અનુસાર ઉત્સર્પિણીમાં જીવ નીચેથી ક્રમશઃ ઉત્તમ ગતિને પામે છે. અવસર્પિણીમાં જીવ અને જગત

ક્રમશઃ ઉત્તમથી અધોગતિ પામે છે.અત્યારે અવસર્પિણીનો પાંચમો (અંતિમ કરતાં આગળનો) યુગ ચાલી રહ્યો છે.પ્રત્યેક ચક્રમાં ચોવીસ તીર્થંકર હોય છે.

- જૈનધર્મની મુખ્ય બે શાખાઓ: દિગંબર અને શ્વેતાંબર છે.

જૈનદર્શનનો મુખ્ય હેતુ એ છે કે, જીવ સાંસારિક દુઃખથી મુક્ત થઈને અનંત આધ્યાત્મિક સુખનો ઉપભોગ કરે. જૈનદર્શન છ મૌલિક તત્વોના આધાર ઉપર સંસારની વ્યવસ્થા કરે છે. આમાં જીવન અને આત્મા- આ બે એવા તત્વ છે, જેના પારસ્પરિક સંબંધને કારણે જીવને અનેક પ્રકારનું કષ્ટ સહન કરવું પડે છે. જૈનદર્શન અનુસાર જ્યાં સુધી બંને એક ન થઈ જાય ત્યાં સુધી અનંત અને આધ્યાત્મિક સુખની પ્રાપ્તિ અસંભવ છે. જૈનદર્શન અનુસાર સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચરિત્ર- આ ત્રણ મળીને મોક્ષમાર્ગનું નિર્માણ થાય છે. આના દ્વારા જીવન અને આત્મા અલગ થઈ જાય છે અને તેનાથી મુક્ત જીવન જ શુદ્ધ આત્મા છે, પરમાત્મા છે. આવા પ્રકારની આત્મા અનંતજ્ઞાન,અનંતદર્શન, અનંત સુખ અને અનંત પરાક્રમવાળો હોય છે. તે સદા સ્વતંત્ર રહે છે. આવી રીતે દર્શનનો ઉદ્દેશ્ય પ્રાણીમાત્રને દુઃખથી દૂર કરી સુખ આપવાનો હતો.

- <u>જૈનશિક્ષણના હેતુઓ:-</u>

અન્ય ભારતીય દર્શનોની જેમ જૈનદર્શનમાં જૈનશિક્ષણનો હેતુ પણ મુક્તિ અપાવવાનો છે:-

'સા વિદ્યા યા વિમુક્તયે' (જે મુક્તિ અપાવે તે વિદ્યા).

શિક્ષણ વ્યક્તિને સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર્ય આપે છે. જ્ઞાનથી વ્યક્તિમાં સમ્યક્ ચારિત્ર્ય એટલે કે સદજીવન આવે છે. સમ્યક્ જ્ઞાનથી વ્યક્તિ શરીર,

આત્મા તથા સદ્-અસદ્ નો ભેદ પારખી શકે છે. જ્ઞાન વ્યક્તિને મુક્તિનો માર્ગ બતાવે છે. ભાવાત્મક વ્યક્તિત્વના વિકાસ દ્વારા સમ્યક્ ચારિત્ર્યનું ઘડતર કરે છે.

પ્રો.મેક્સમૂલર અનુસાર, "ભારતમાં જૈનદર્શન જ્ઞાન માટે જ નહીં પરંતુ સર્વોચ્ચ લક્ષ્ય માટે હતું." ભારતીય જૈનદર્શનમાં સાંસારિક દુઃખથી વિમુક્ત થઈને અનંત સુખ પ્રાપ્ત કરવાનું કહેલ છે. એ 'મુક્તિને' સર્વોચ્ચ ઉદ્દેશ્ય માને છે. જેવી રીતે ક્રોધ,મોહ,માયા,લોભ વગેરે દ્વારા જીવન આત્મા અસ્વતંત્ર થઈ ગયું હોય છે તેને બંધન કહેવાય છે.જીવનનું બંધન માનસિક પ્રવૃત્તિને કારણે થાય છે. આનાથી મુક્ત થવા કામોને અવશ્ય છોડવા પડે.આના દ્વારા જીવનનું બંધન અટકી જાય છે અને અંતે મોક્ષ પ્રાપ્ત થાય છે.દુર્ગુણ આદિ ન પ્રવેશે તેના માટે નીચેના ઉપાયો છે:-(1)વ્રત (2)અહિંસા (3)સત્ય (4) અસ્તેય (5)બ્રહ્મચર્ય (6) અપરિગ્રહ (7)ધર્મ (8)નિવ્યર્સનીપણું.

- *જૈન શિક્ષણની પદ્ધતિ:-

જૈનદર્શનમાં જ્ઞાનને સ્વાભાવિક ગુણ માનવામાં આવે છે.જૈનશિક્ષણની પદ્ધતિમાં જ્ઞાનમાં પાંચ પ્રકારો આ મુજબ છે:-

(1) મતિજ્ઞાન: મતિજ્ઞાન એ સાધારણ જ્ઞાન છે, જે ઇન્દ્રિયોના માધ્યમથી જાણી શકાય છે.

(2) શ્રુતિજ્ઞાન: શબ્દો, ચેષ્ટાઓ અને પ્રતિકો દ્વારા મળતું જ્ઞાન શ્રુતિજ્ઞાન છે.

(3) અવધિજ્ઞાન: દેશકાલની સીમાડાઓને તોડી જે ઈન્દ્રીય જ્ઞાન પ્રાપ્ત થાય છે તે અવધિજ્ઞાન છે.

(4) મન: પર્યાય જ્ઞાન: બીજા વ્યક્તિના વર્તમાન અને ભૂતકાળના મનોભાવોનું જ્ઞાન મન: પર્યાય જ્ઞાન છે.

(5) કૈવલ્યજ્ઞાન: કૈવલ્યજ્ઞાન એ પૂર્ણતાનું જ્ઞાન છે, અનુભૂતિ દ્વારા મળતું પૂર્ણત્વનું જ્ઞાન છે.

આવી રીતે વિધિસર જ્યારે મનુષ્ય ઉપરોક્ત પાંચ જ્ઞાન ધરાવે ત્યારે જ તેનામાં સ્વાભાવિક ગુણ ઉત્પન્ન થાય. આમ, જૈનશિક્ષણમાં ભારતીય પરંપરાની પ્રત્યક્ષ અને પરોક્ષ પદ્ધતિ-પ્રણાલી જ્ઞાન પ્રાપ્તિ માટે જોઈ શકાય છે.પ્રત્યક્ષ પદ્ધતિમાં ગુરુના સાનિધ્યમાં રહીને અનાત્મલક્ષી વસ્તુલક્ષી અભ્યાસ કરવામાં આવે છે, જ્યારે પરોક્ષ પદ્ધતિમાં મેળવેલ જ્ઞાનનો અર્થ-સંદર્ભ પ્રાપ્ત કરવા માટે અભૌતિક ક્રિયાઓ જરૂરી હોય છે. શિક્ષણના આ પ્રત્યક્ષ અને પરોક્ષ અભિગમો અનુક્રમે ભૌતિક પ્રકૃતિ અને અભૌતિક પ્રકૃતિના નામે પણ ઓળખાય છે.

- *જૈનશિક્ષણનો અભ્યાસક્રમ: -

જૈનદર્શનમાં આત્મા અને જગત બંનેને સત્ય માનવામાં આવે છે, એટલે પાઠ્યક્રમમાં પણ લૌકિક અને આધ્યાત્મિક બંને વિષયોને સમાન મહત્વ આપવામાં આવે છે.તેમાં અધ્યાત્મ અને વિજ્ઞાનનો વિરોધ જે તત્વો છે,તેના પર દ્રષ્ટિકોણ કરવામાં આવ્યો છે.જૈન પાઠ્યક્રમમાં જીવનને સુખી બનાવવાના હેતુથી જગતના જ્ઞાનનું અને રહસ્યોનું અનાવરણ કરવામાં આવ્યું છે અને બીજી બાજુ જગતથી બચવા ત્યાગનું વર્ણન કરવામાં આવ્યું છે. જૈનશિક્ષણમાં જ્ઞાનાર્જન માટેનો પાઠ્યક્રમ એક સાધન સમાન છે. આમ જૈનદર્શનમાં જ્ઞાનનું મહત્વ સ્વીકારવામાં આવ્યું છે. માનવે પહેલા જ્ઞાન પ્રબળ કરવું જોઈએ, પછી જ અહિંસાનું પાલન તે કરી શકે છે, અજ્ઞાની વ્યક્તિ પાપ અને શ્રેયસ્કર વસ્તુમાં જ્ઞાન જ નથી ધરાવતી. અજ્ઞાની વ્યક્તિ કર્તવ્ય-અકર્તવ્યનો ભેદ પણ પારખી શકતી નથી.

જૈનદર્શનનો મુખ્ય આધાર “જડ દ્રવ્ય નિરૂપણ” પાઠ્યક્રમમાં લેવામાં આવે છે.જૈનદર્શનમાં યથાર્થવાદી દર્શનનું નિરૂપણ જોવા મળે છે. જૈનદર્શન અનુસાર આ જગતનું નિર્માણ અનેક દ્રવ્યોના મિશ્રણથી થયું છે. જેને બે વર્ગમાં વિભાજિત કરવામાં આવે છે. પ્રથમ જીવ દ્રવ્ય-જે શરીર અને આત્માથી નિર્મિત હોય છે. દ્વિતીય સજીવ દ્રવ્ય- જેમાં પાંચ ભાગ હોય છે. એમાંથી શરીરની ઘણી બધી રચના અને ઘણી બધી બાહ્ય પરિસ્થિતિનું નિર્માણ કરે છે. આથી જ તો જૈનશિક્ષણના અભ્યાસક્રમમાં સંસાર વિષયક અનાત્મ વિષયોમાં ભૌતિક વિજ્ઞાન, સ્થિતિવિજ્ઞાન, ગતિવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, પ્રકૃતિ વિજ્ઞાન તથા સમાજ વિજ્ઞાનનો સમાવેશ હોય છે. આ ઉપરાંત અધ્યાત્મવિષયક આત્મવિષયોમાં મુક્ત કે બદ્ધ_જીવને બંધન કરતા ધર્મ,કર્તવ્ય,દર્શન જેવા વિષયો સમાવિષ્ટ છે.જૈનશિક્ષણ કલાવિજ્ઞાન, શિલ્પવિજ્ઞાન જેવા વિષયો કરતા સમ્યક્ ચારિત્ર્યને પોષક પ્રવૃત્તિઓ ઉપર વધારે ભાર મૂકે છે.

- <u>જૈન શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા:-</u>

જૈનશિક્ષણમાં શિક્ષકની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. શિષ્યને આત્મકલ્યાણ માટે પ્રેરવાની અને માર્ગદર્શન આપવાની જવાબદારી શિક્ષકની છે.આત્મકલ્યાણના હેતુ માટે શિક્ષણ મેળવતો વિદ્યાર્થી ‘શ્રવણ’ તરીકે ઓળખાય છે.જે કઠોર વ્રતનું પાલન કરતો હોય તે ‘મહાવ્રત’ કહેવાય છે.શ્રવણને ઉપદેશવાનું કાર્ય શિક્ષકનું છે. આ સિવાય સાંસારિક કલ્યાણ માટે જ્ઞાન મેળવતો શિષ્ય ‘શ્રાવક’ કહેવાય છે. જે સંસારમાં રહી નાના નાના વ્રતોનું પાલન કરતો હોય, તેને ‘અણુવ્રતી’ કહેવામાં આવે છે. શ્રાવકનું શિક્ષણ સુખી અને પવિત્ર સાંસારિક જીવન જીવવા માટે જરૂરી છે. શિક્ષકનું કાર્ય શિષ્યો પાસે કઠોર નિયમોનું પાલન કરાવવાનું અને સાથે સાથે શિષ્યોની શંકાઓનું સમાધાન કરવાનું છે. શિક્ષક ઉચ્ચ

આચાર-વિચારવાળો અને જ્ઞાની હોય છે. પાંચ મહાવ્રતોનું પાલન કરનાર સદાચારી અને ચારિત્ર્યવાન હોય છે. શિક્ષક જિતેન્દ્રિય અને માન,માયા,લોભ,ક્રોધ જેવા વિકારોથી મુક્ત હોય છે. જૈનશિક્ષક મન- વચન- કર્મથી સંયમી અને અધ્યાત્મજ્ઞાનનો ઉપાસક હોય છે.

- જૈનશિક્ષણમાં શિસ્ત:-

જૈનદર્શનમાં અનુશાસનની દ્રષ્ટિએ ખૂબ કઠોર નિયમ અપનાવવામાં આવ્યા છે. આ દર્શનમાં શિસ્તનું કઠોર પ્રારૂપ નિર્માણ તત્વદર્શી દ્વારા કરવામાં આવ્યું છે. જૈનદર્શન અનુસાર વિનય અને અનુશાસન વગર શિક્ષા પ્રાપ્ત કરવી અસંભવ છે.અનુશાષિત જીવન માટે નિમ્ન બાબત ખૂબ જ જરૂરી છે- જો વિદ્યાર્થીઓએ જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો ક્રોધ અને અહંકાર પર નિયંત્રણ ખૂબ જ આવશ્યક છે.જૈનદર્શનમાં ક્રોધયુક્ત વ્યક્તિ અધ્યયન કરી શકતો નથી અને અહંકારી વ્યક્તિ પોતાનામાં અહમને કારણે વિદ્યા પ્રાપ્ત કરી શકતો નથી એટલા માટે નિમ્ન લખેલા અનુસાસન પ્રમાણે દરેક વ્યક્તિએ વર્તવાનું હોય છે:-

(1) ગંભીરતાથી જ્ઞાન ગ્રહણ કરવું.

(2) ઇન્દ્રિયોનું નિયંત્રણ કરવું, બ્રહ્મચર્ય પાળવું.

(3) કઠોર ભાષા બોલવી નહીં, જેના દ્વારા ચરિત્ર બહાર આવે.

(4) ચરિત્રવાન થવું.

(5) શુદ્ધ આચાર રાખવો.

(6) લોભ (લોલુપતા)થી દૂર રહેવું.

(7) ક્રોધ ન કરવો.

(8) સત્યનું હંમેશા અનુકરણ કરવું.

જૈનદર્શનમાં છાત્રના અનુસાસનમાં તપ અને સંયમનું પણ મહત્વ વિશેષ કહેલું છે ઉત્તરાર્ધ સૂત્ર અનુસાર એમાં કહેલું છે કે, "તપસ્યાની અગ્નિ બનાવો આત્માનો યજ્ઞસ્થલ બનાવો.યોગના લાકડા લો, કર્મનું હુતદ્રવ્ય બનાવો અને સંયમરૂપી શાંતિ પાઠ કરો,એવી રીતે પ્રશસ્ત હોમ થાય છે."

---

*સંદર્ભ ગ્રંથો-

(૧) દવે જયેન્દ્ર શાસ્ત્રી (૧૯૮૩), 'કેળવણીના તાત્વિક આધારો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

(૨) જોશી હરિપ્રસાદ (૨૦૦૦), 'શૈક્ષણિક તત્વજ્ઞાન', સૌરાષ્ટ્ર યુનિવર્સિટી',રાજકોટ.

(૩) પટેલ બેચરદાસ (૧૯૫૬), ,`મહાવીર વાણી',ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય,અમદાવાદ.

(૪) પંડિત સુખલાલજી (૧૯૭૭), 'જૈન ધર્મનો પ્રાણ',સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય,અમદાવાદ.

(૫) ડૉ.મોહિની આચાર્ય, 'શિક્ષણના તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારો, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.

---------------------

ISSN: 2457-0273
(Online)
RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

# ઉત્તર ગુજરાતમાં ચૌલુક્યકાલીન ઇતિહાસ લેખન પ્રવૃત્તિ

ચૌધરી જેવતભાઈ મેમાભાઇ
મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨(ઈતિહાસ),
સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ,સમી

**સારાંશ:**

ઇતિહાસ એ માનવ જીવનના ભવ્ય ભૂતકાળને વર્તમાન પેઢી સમક્ષ મૂકતું સામાજિક વિજ્ઞાન છે. તેનું મુખ્યકાર્ય સમાજની ગૌરવમય પરંપરાઓની જાળવણી કરવાનું તથા અમુક નકારાત્મક રૂઢિઓને નાશ કરવાનું છે ગુજરાતમાં પણ ઇતિહાસ લેખન ક્ષેત્રે પ્રાચીનથી અર્વાચીન સમય સુધી સારું ખેડાણ થયું છે. એમાંય ગુજરાતમાં સોલંકી કાળને સાહિત્ય એવં રાજ્ય વ્યવસ્થાની દ્રષ્ટિએ સુવર્ણકાળ ગણાવી શકાય છે તે સમયના ઇતિહાસને આલેખવાનું કામ મોટાભાગે 'પ્રબંધ' સ્વરૂપે જૈન મુનિઓએ અને અમુક કવિઓએ કર્યું છે. જેમાં સૌથી શિરમોર 'કલિકાલસર્વજ્ઞ' તરીકે જાણીતા અને આજે આપણી યુનિવર્સિટી જે મહાવિભૂતિના નામથી ઓળખાય છે તે આચાર્ય હેમચંદ્રને મુકી શકાય તદ્દુપરાંત મધ્યયુગીન ગુજરાતના વિશિષ્ટ સાહિત્યકાર પ્રકાર પ્રબંધમાં વિવિધ જૈન લેખકોએ ખેડાણ કર્યું હતું. ચાલુક્ય કે સોલંકી કાલીન સ્થિતિનું વર્ણન કરતા પ્રબંધો મોટે ભાગે સંસ્કૃત ભાષામાં ગદ્ય કે પદ્યમાં લખાયા છે. ગુજરાતમાં સોલંકી કાળનો સમયગાળો ઇ.સ.942 થી ઈ.સ.1304 સુધીનો ગણાય છે. આ સમયની ઐતિહાસિક માહિતી આપતા સાહિત્યિક સ્રોતોમાં બિલ્હાણનું 'કર્ણસુંદરી', વિમળશાહ અંગેની રચના જે ઇન્દ્રહંસકૃત 'વિમળચરિત', યશચંદ્ર દ્વારા રચિત 'મુદ્રિત કુમુદચંદ્ર', પ્રજ્ઞાચક્ષુ કવિશ્રીપાળ રચિત 'સહસ્ત્રલિંગ પ્રશસ્તિ', રામચંદ્રસુરી રચિત 'કુમાર વિહારશતક',યશપાલ નું 'મોહરાજપરાજય' અરીસિંહનું 'સુકૃતસંકીર્તન', મેરુતુંગાચાર્યનું ''પ્રબંધ ચિંતામણી વગેરેમાં આ સમયે બનેલા ઐતિહાસિક બનાવોની માહિતી મળે છે. અન્ય ગ્રંથોની વાત કરીએ તો સોમેશ્વરની કૃતિઓ 'કીર્તિકૌમુદી' અને 'સુરથોત્સવ' છે. જીનભદ્ર દ્વારા રચાયેલ 'પ્રબંધાવલી',વસ્તુપાળ દ્વારા રચાયેલ મહાકાવ્ય 'નરનારાયણનંદ', જયસિહસુરીની 'વસ્તુપાળ-તેજપાળ પ્રશસ્તી' વગેરે ગ્રંથોમાં ચૌલુક્ય કાલીન સમયનું ઇતિહાસ લેખન ઝીલાયું છે.

**ચાવીરૂપ શબ્દો**: પ્રબંધ,પ્રશસ્તી, ચૌલુક્યકાળ, પ્રાથમિક સાધનો, ગુર્જરભૂમિ, જૈન પટ્ટાવલી.

**પ્રસ્તાવના:**

ઇતિહાસ એક સામાજિક વિજ્ઞાન છે તેમજ અન્ય વિજ્ઞાનોની સાથે તે આંતરસાંકળથી જોડાયેલું છે. માનવ દ્વારા થયેલ કાર્યો તથા તેની સામાજિક અસરો જ ઇતિહાસનું વસ્તુ બની શકે છે. આ વિચારના સમર્થનમાં જ રવિન્દ્રનાથ ઠાકુરના શબ્દોને ટાંકીએ તો "There is only one History-The history of man"એટલે કે ઇતિહાસનું કેન્દ્રબિંદુ માનવ અને તેની આસપાસ બનતી ઘટનાઓ છે પરંતુ આ બધી ઘટનાઓનો આલેખન કરવા માટે આધારો અને સાધનો જરૂરી છે એટલે જ પ્રસિદ્ધ ઇતિહાસકારના અવતરણો છે,"No Documents, No History." (દસ્તાવેજ નહીં તો ઇતિહાસની નહીં). આમ ઇતિહાસ લેખન માટે પ્રાથમિક એવમ ગૌણ પ્રકારના સાધનોનો આધાર લેવામાં આવે છે. ગુજરાતમાં પણ પ્રાચીન સમયથી ઇતિહાસ લેખનની પ્રવૃત્તિઓ આરંભાયેલ હતી,જે વર્તમાન સમયે પણ ચાલુ જ છે. અહી મુખ્યત્વે ઉત્તર ગુજરાતમાં ચૌલુક્ય કાલીન ઇતિહાસ લેખન વિશે વાત કરીશું. ગુજરાતના ઇતિહાસના સમય પટમાં ઇ.સ.942 થી ઈ.સ.1304 સુધીના સમયગાળાને સોલંકી કાળ કે ચૌલુક્ય કાળ તરીકે ઓળખવામાં આવે છે. આ સમયગાળાને ગુજરાતના સુવર્ણ યુગ તરીકે પણ મુલવવામાં આવે છે. ઇતિહાસ લેખન ક્ષેત્રે આ સમય દરમિયાન પ્રાપ્ત થયેલ વિવિધ સાહિત્યિક સાધનોના આધારે તે સમયની ઇતિહાસ લેખન પ્રવૃત્તિ વિશે વાત કરીશું.

**ઉત્તર ગુજરાતમાં ચૌલુક્યકાલીન ઇતિહાસ લેખન પ્રવૃત્તિ:**

ગુજરાતમાં સોલંકીવંશ(ચૌલુક્ય વંશ) ની સ્થાપના મૂળરાજ સોલંકી એઇ.સ.942 માં કરી હતી, જેની રાજધાની અણહીલપુર પાટણ હતી. ગુજરાતના ઇતિહાસમાં આ વંશ ચોલુક્ય વંશ તરીકે પણ ઓળખાય છે. તેનો સમયગાળો ઇ.સ.942 થી ઈ.સ.1304 સુધીનો છે. સિધ્ધરાજ અને કુમારપાળના સમયમાં ગુર્જર દેશે વિવિધ આયામોમાં ખૂબ જ પ્રગતિ કરી હતી, સાથે સાથે સાહિત્યના ક્ષેત્રે અને સ્થાપત્ય ક્ષેત્રે પણ ખૂબ જ સારું ખેડાણ થયું હતું. સિધ્ધરાજનો સમયગાળો સોલંકીકાળનો સુવર્ણયુગ ગણાય છે. સિદ્ધરાજ માટે તો એક શ્લોકમાં કહેવાયું છે,'મહાલય,મહાયાત્રા,મહાસ્થાન,મહાસર આ માત્ર સિધ્ધરાજ જ કરી શકે બીજાથી થઈ શકે નહીં'.

આ સમયગાળા દરમિયાન તત્કાલીન વિદ્વાનો અને કવિઓએ સાહિત્ય ખેડાણની વિવિધ પદ્ધતિઓ અપનાવી હતી. જેમાં મુખ્ય પ્રબંધને ગણાવી શકાય તો સૌ પ્રથમ પ્રબંધ વિશે જાણકારી મેળવીએ.

**પ્રબંધ-**

પ્રબંધ એ મધ્યયુગીન ગુજરાતીનો એક વિશિષ્ટ સાહિત્ય પ્રકાર છે. આવા પ્રબંધો સામાન્ય રીતે ગદ્ય કે પદ્યમાં લખાયા હોય છે, આવા પ્રકારનું લખાણ જે તે સમયના જૈન લેખક હોય અને મુનિઓએ સારી રીતે કર્યું છે તેમાં ઐતિહાસિક નિરૂપણ કરતા વ્યક્તિઓની વાત કરવામાં આવે છે. આમ છતાં પ્રબંધનો મુખ્ય ઉદ્દેશ ઉપદેશાત્મક રહ્યો છે.સામાન્ય રીતે આવા પ્રબંધો ધર્મની મહત્તા બતાવે છે અને સાધુઓને ઉપદેશ માટે સામગ્રી પૂરી પાડે છે.પ્રબંધોમાં ઐતિહાસિક કે દુન્યવીકથા વસ્તુનું નિરૂપણ કરાયેલું હોય છે, જે લોકોને ઇતિહાસ જ્ઞાનની સાથે આનંદ અને પ્રમોદ પૂરો પાડવાનું સાધન પણ બને છે.આ પ્રબંધોને સમીક્ષાપૂર્વક સમજવામાં આવે તો તેને મધ્યકાલીન ગુજરાતી શૈલીના ઇતિહાસો જ ગણાવી શકાય. તેમાંથી ગુજરાતની તત્કાલીન સમયની ઐતિહાસિક અને સાંસ્કૃતિક માહિતી પુષ્કળ પ્રમાણમાં મળે છે.ભારતીય લેખકો બાબતે આધુનિક પશ્ચિમી ઇતિહાસકારોનો આક્ષેપ એવો હતો કે ભારતીય લેખકોએ ઇતિહાસ લેખનમાં સાલવારીની ઉપેક્ષા કરી છે,આબધાએ મધ્યકાલીન ગુજરાતીમાં રચાયેલા ‘પ્રભાવકચરિત’,‘પ્રબંધ ચિંતામણી’,‘પ્રબંધકોષ’,‘વિવિધતીર્થકલ્પ’જેવી રચનાઓનો અભ્યાસ કરવો જોઈએ. તેમાં સમયાવલી વિપુલ માત્રામાં આપેલી છે, જૈન ધર્મની પરંપરાના વૃતાંતો જેને ‘પટ્ટાવલી’ઓ તરીકે ઓળખવામાં આવે છે. આ પટાવલીઓમાં અર્વાચીન કાળ સુધીનું સમયાંકન જોવા મળે છે આ પટાવલીઓમાં ભાગ્યે જ કોઈ ઘટના એવી નોંધાઈ જશે જેના ઉપર વર્ષનો ઉલ્લેખ ના થયો હોય.ભાટ ચારણો,રાજની વંશાવળીઓ તથા વહીવંચાઓ સિવાય આવી સાલવાળી બીજે જોવા મળતી નથી. એક મત એવો પણ છે કે જૈન મુનિઓ અને મુસ્લિમ શાસકો એકબીજાના સંપર્કમાં આવ્યા તેથી મુસ્લિમ તવારીખકારોની અસર અહીં જોવા મળે છે.જિનપ્રભસુરી અને મોહમ્મદ તુઘલકના સંપર્કની માહિતી મળે છે. વિદ્વાનોનો બીજો વર્ગ આ બાબતે અસહમત છે તેમના મતે સમયાંકનની આ પદ્ધતિ મૂળ ભારતીય છે. ભટ્ટારકો અને આચાર્યો જ્યારે સ્થાનાંતર કરતા ત્યારે તેમની સાથે રહેતા દફતરદાર સાધુઓ જે તે સમયના બનાવની વિગતની તત્કાલીન નોંધ કરી લેતા જેના પરિણામ સ્વરૂપે આ જૈન પટ્ટાવલી’ઓ સાલવારીથી ભરેલી છે.સમયાંકનના એકમ સંવંતની સૌથી વધારે સંખ્યા ભારતમાં છે,મુસ્લિમ તવારીખકારોમાત્ર હિજરીસંવતનો ઉપયોગ કરે છે, જ્યારે પશ્ચિમી વિશ્વમાં એક જ ઈસવીસન છે. આ બધાની તુલનાએ ભારતમાં આજે પણ વ્યવહારમાં જુદા જુદા કેટલાય સંવંતવ્યવહારમાં છે. આ માટે પણ એક અલગ પેપર લખી શકાય તેમ છે. ચૌલુક્ય કાલીન સમયે થયેલ સાહિત્યિક ખેડાણ ઈતિહાસ તરફ જવાની પગદંડી છે.તેનું આલેખન નિમ્ન મુજબ કરી શકાય.

ISSN: 2457-0273
(Online)
RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

**બિલ્હાણ:-**

ઐતિહાસિક વસ્તુપ્રધાન નાટકોમાં કર્ણદેવના સમયે લખાયેલ 'કર્ણસુંદરી' મહત્વનું છે, જે બિલહણ રચિત છે. આ પ્રથમ સ્વતંત્ર નાટક છે, જે સંસ્કૃત ભાષામાં ગુજરાતમાં લખાયેલું છે. એ સમયના ગુજરાતના મહામાત્ય શાંતનું મહેતાની આજ્ઞાથી પાટણમાં આવેલા જૈન દેવતા આદિનાથના યાત્રા મહોત્સવ પ્રસંગે આ નાટક ભજવાયું હતું. આ નાટકની નાયિકા  કર્ણસુંદરી અને રાજા કર્ણ વચ્ચેનો પ્રણય સંબંધ દર્શાવવામાં આવ્યો છે, અંતે બંનેના લગ્નનું પણ તેમાં આલેખન છે. કર્ણસુંદરીના અસ્તિત્વ અંગે સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી, કદાચ તે સિદ્ધરાજની માતા મીનાળદેવી છે. જે લગભગ સાચું છે. આ નાટકમાંથી સામાજિક સાંસ્કૃતિક પરિવેશની માહિતી મળે છે.

**યશચંદ્ર:-**

યશચંદ્રએ 'મુદ્રિત કુમુદચંદ્ર' નામનું પ્રકરણ રૂપક લખ્યું છે. તેમાં સિધ્ધરાજના સમયનો એક મહત્વનો ઐતિહાસિક પ્રસંગ નિરૂપાયો છે. જૈનધર્મના શ્વેતાંબર આચાર્ય દેવસુરી અને દિગંબર આચાર્ય કુમુદચંદ્ર વચ્ચે સિધ્ધરાજની રાજ સભામાં થયેલ વાદવિવાદ આ રચનાનું મુખ્ય કથાવસ્તુ છે. આ વાદવિવાદ ઇ.સ.1125 માં થયો અનુમાન છે અને તરત જ આકૃતિ રચાઇ હોવાનું માલુમ પડે છે. આ વાદસભાના અધ્યક્ષ રાજા સિદ્ધરાજસ્વયં હતો. તેમાં આચાર્ય કુમુદચંદ્રનો પરાજય થાય છે. આ કૃતિમાંથી રાજસભાનું સુરેખ ચિત્ર મળે છે. ગુજરાતનો ધાર્મિક,સામાજિક અને રાજકીય ઇતિહાસ જાણવા માટે મહત્વની કૃતિ છે. આકૃતિમાંથી સિદ્ધરાજના પ્રજ્ઞાચક્ષુ કવિ શ્રીપાળનો પણ પરિચય થાય છે. તેમાંથી ગુજરાતના તે સમયના સાંસ્કૃતિક જીવન અંગે માહિતી મળે છે. જેના ચિત્રો જૈન તાડપત્રોની પોથીઓમાં દોરેલા છે.

**શ્રીપાલ:-**

તે સિધ્ધરાજ ના રાજ્યદરબારનો પ્રજ્ઞાચક્ષુ રાજકવિ અને તેનો મિત્ર હતો. તે અંધ હોવા છતાં દરબારના કવિમંડળમાં મહત્વનું સ્થાન મેળવી શક્યો હતો. તેણે પાટણના સહસ્ત્રલિંગ તળાવ ઉપર 'સહસ્ત્રલિંગ પ્રશસ્તિ' નામનું કાવ્ય રચ્યું જે મળતું નથી પરંતુ તેના કેટલાક લોકો શ્લોકો તૂટક રીતે પાટણના વીજળીકુવાના નામના ફળિયામાંના પ્રાચીન શિવાલયમાંથી મળે છે. શ્રીપાલકૃત આ પ્રશસ્તિકાવ્ય 100 કે 108 શ્લોકોનું  હશે. તેના બે શ્લોકો પ્રબંધ ચિંતામણીમાં પણ છે.ઈ.સ.1152માં કુમારપાળે બંધાવેલ વડનગરના કિલ્લાનું શ્રીપાલ દ્વારા રચિત પ્રશસ્તિ કાવ્ય ત્યાં કોતરાયેલ છે. આ પ્રશસ્તિ લેખ શ્રીપાલની પ્રથમ

ઐતિહાસિક કૃતિ હશે, તેમાં ચાવડાઓ અંગે શિલાલેખીય ઉલ્લેખ જોવા મળે છે, આ સિવાય રતલામ ની બાજુમાં આવેલા વીલપાક ગામના શિવ મંદિરમાંથી પણ શ્રીપાલના 30 લોકોનું

કંડારાયેલ પ્રશસ્તિ કાવ્ય મળી આવે છે ,જે સોલંકી કાલે કાલીન સાંપ્રત સ્થિતિ અંગે માહિતી આપે છે.

**રામચંદ્ર સુરી:-**

તે આચાર્ય હેમના મહત્વના શિષ્ય અને શ્રીપાલના સમકાલીન હતા. તેમની મોટાભાગની રચનાઓ ધાર્મિક હોવા છતાં ઐતિહાસિક માહિતીની દ્રષ્ટિએ તેમણે લખેલ કાવ્ય ‘કુમારવિહાર શતક’ મહત્વનું છે તે ઐતિહાસિક કૃતિ નથી છતાં તત્કાલીન સમાજ જીવન પર પ્રકાશ પાડે છે તેમાં કુમારપાળે પાટણમાં બંધાવેલા પાર્શ્વનાથ વિહાર અંગે લોકોની 100 શ્લોકોની પ્રશસ્તી છે. આ કાવ્યમાંથી સંસ્કૃતિ તથા કલા વારસા અંગે માહિતી મળે છે.

**યશપાલ:-**

તે કુમારપાળના ઉતરાધિકારી રાજા અજયપાળના રાજદરબારી મંત્રી હતા. પોતાના સમયના ઉત્તમ નાટ્ય લેખક હતા. તેમણે ‘મોહરાજપરાજય’ નામના અર્ધ ઐતિહાસિક રૂપકની રચના કરી હતી. જેમાં ગુજરાતના ઇતિહાસ અંગેની વિશિષ્ટ બાબતોની માહિતી મળે છે. તેમાં તે સમયના ગુજરાતીઓની દારૂ પીવાની લત તથા વનરાજનો પણ ઉલ્લેખ જોવા મળે છે.

**અરિસિહ:-**

તેમણે 'સુકૃતસંકીર્તન’ લખ્યું છે. તેનો સમયગાળો આશરે ઈ.સ.1222 થી ઈ.સ.1231 નું ગણાય છે. અરિસિહ સૌપ્રથમ ચાવડા રાજાઓની વંશાવાળી આપે છે. તેથી આ ગ્રંથનું મહત્વ સવિશેષ છે.

**મેરુતુંગાચાર્ય:-**

પ્રાચીન ગુજરાતના ઇતિહાસ લેખનમાં આચાર્ય હેમચંદ્રાચાર્ય પછીમેરુતુંગાચાર્યનું નામ આ હરોળમાં મૂકી શકાય. તેમણે ‘પ્રબંધ ચિંતામણી’ નામના ગ્રંથની રચના કરી હતી. ફાર્બર્સના મતે તેમણે વઢવાણમાં વૈશાખ શુદ્ધ પૂનમના દિવસે આ ગ્રંથ પૂર્ણ કર્યો હતો. ગુજરાત અને માળવાનો ઇતિહાસ જાણવા માટે સૌથી મહત્વનું સાહિત્યિક સાધન છે. તેમાં જૈન સાધનોને આધારે મૈત્રકોનો અહેવાલ પણ મળી આવે છે, જોકે તે દંતકથાઓ આધારિત

છે. આ ગ્રંથમાં તેમને સાતત્ય જાળવી રાખતા વનરાજ ચાવડા થી માંડીને વાઘેલવીર ધવલ સુધીના શાસકોનો વૃતાંત સાલવારી સાથે સિલસિલા બંધ આપ્યો છે. તેમાં શાસકોની

ખામી અને ખુબીઓ પણ વર્ણવી છે. આ ગ્રંથ મુખ્ય દ્રષ્ટિએ જૈન ધર્મનો હોવા છતાં વૃતાંત તરીકે ઘણું ઉપયોગી પુસ્તક ગણાવી શકાય.

**મદન કવિ:-**

તે મળવાનો વાતની હતો.તેને "પારિજાતમંજરી" નામની નાટિકા લખી હતી.આ નાટીકા ધારાનગરીમાં રાજાભોજે બંધાવેલ સરસ્વતીસદનમાં પથ્થરની પટ્ટિકા પર કોતરેલ છે.ડૉ.ભોગીલાલ સાંડેસરા નોંધે છે કે, 'પારિજાતમંજરી'નો નાયક મળવાનો રાજા અને નાયિકા ગુર્જરપતિ જયસિંહની પુત્રી છે."

**સમાપન:-**

ઇતિહાસ એ કોઈ પણ રાજ્ય કે માનવ સમાજની ભૂતકાળની પ્રવૃત્તિઓનું વર્તમાનમાં પડતું પ્રતિબિંબ છે. તેને લખવા માટે આધારો ની જરૂર પડે છે. ઇતિહાસ લેખન માટે આ સિવાયના પણ બીજા બધા ઘણા આધારો લઈ શકાય જેમ કે શિલાલેખો,સ્થાપત્યો,સિક્કાઓ,તામ્રપત્રો,તાડપત્રો અને વિદેશી મુસાફરોની નોંધો નહીં પણ સામેલ કરી શકાય છે. એટલે કે સાહિત્યિક દસ્તાવેજોની સાથે ઐતિહાસિક દસ્તાવેજોને આધારે પણ ઇતિહાસ લેખન અંગે વિગતવાર લખી શકાય.

મહાભારતકાર પણ ઇતિહાસની વ્યાખ્યા આપતા નીચેના શ્લોકનો ઉલ્લેખ કરે છે.

**अतीतार्थं त्रिपादं च, पञ्चबलसमन्वितम् ।**
**पञ्चकर्म समराध्यम्, इतिहासमुपास्महे ।।**

**સંદર્ભ સૂચિ:-**

1. ઓઝા ઈશ્વરલાલ, 'પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસની લેખન પ્રવૃત્તિ',2002.
2. સંજીવ કુમાર,'પ્રાચીન ભારત લુસેન્ટ પબ્લિકેશન', પટના, 2014
3. ધારૈયા આર.કે, 'ઇતિહાસનું તત્વજ્ઞાન અને ઇતિહાસ લેખન અભિગમ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 2016.

## COPYRIGHT

The copyright of the articles that are accepted for publication and finally published is to be given to RADHANVALLI. Moreover authors are required to declare that the copyright requirements of material used directly or indirectly in the article are accordingly fulfilled. RADHANVALLI reserves the copyright and holds the right to use and disseminate the material in any form or medium, i.e. print or electronic. The published article cannot be reproduced, photocopied or used for commercial purpose except with prior permission.

© Shri Trikamjibhai Chatwani Arts & J.V. Gokal Trust Commerce College, Radhanpur

**Subscription:**

Single Copy 750

| Term | For Individual | For Institution |
|---|---|---|
| One Year | 500 | 750 |

**Mode of payment:**

The Demand Draft should be drawn in favour of Principal, Shri Trikamjibhai Chatwani Arts & J.V. Gokal Trust Commerce College , Payable at Radhanpur.

**Reprints:**

All the published papers of the journal are available on institute website. For reprints of paper/article andpermission please contact 02746-277144.

**Disclaimer:**

Opinions expressed in this journal do not reflect the policies or views of Radhanvalli, but of the individualcontributor. Neither Radhanvalli (ACCR) nor editors is responsible for a case where author has not acknowledged or unintentionally omitted the source material. The authors are solely responsible for the details and statements intheir research papers. All disputes are subject to Radhanpur Juridiction only.

**Please contact at the following address:**

ShriTrikamjibhaiChatwani Arts & J.V. Gokal Trust Commerce College,
HimmatVidyanagar,
Kandla Highway,
Radhanpur-385340,
Dist. Patan, Gujarat, India
Phone No. : 02746-277144.
Website: www.researchjournalaccr.org

**Correspondence may preferably be done through E-mail.**

Send your contribution to: **researchjournalaccr@gmail.com**

ISSN: 2457-0273 (Online)

RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

## SUBMISSION GUIDELINES

RADHANVALLI Bi-annual International Peer Reviewed Research Journal (Online) is looking for write-ups of original and independent research. The journal is published by Shri Trikamjibhai Chatwani Arts & J.V. Gokal Trust Commerce College, Radhanpur. We are keen to receive submissions from researchers, academicians, managers, entrepreneurs and scholars from Industry.

**Submission Guidelines:**

Papers submitted for publication should be exclusively written for this journal and should not have been published or sent for publication elsewhere. The papers submitted should evince serious academic work contributing new knowledge or innovative critical perspectives on the subject explored.

**Each paper must be accompanied by:**

A declaration that it is an original work and has not been published anywhere else or send for publication as per given format.

Abstract of paper about **100-200 words** and **4 to 8 keywords** to describe your research paper and facilitate identifying research domain

A short bio-note of the contributor(s) indicating name, institutional affiliation, brief career history, postal address, mobile number and e-mail, should be provided on a separate page along with the title of the paper in the format.

Each contributor will get a complimentary copy of the issue (free of charge)

There is no publication fee or charge

ISSN: 2457-0273
(Online)
RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

**Format:**

Paper size: A4, Font & Size: Times New Roman 12, Spacing: 1.5 space, Margin of 1 inch on all four sides, Justified Alignment.

The length of papers should not be more than 15 (1.5 space) typed pages, including tables, diagrams and appendices

Title of the paper: bold, title case (Capitalize each word), centered.

**Review Procedure**

All the papers submitted to the "Shri Trikamjibhai Chatwani Arts & J.V. Gokal Trust Commerce College, Radhanpur" shall be reviewed by peer-review process. The editor has the final authority for the acceptance or rejection of any article. Management and this journal reserve the right to republish the paper in any form, at any time in the future.

Rejected papers won't be sent back to the contributor.

**Guidelines for Reference**

Only cited works should be included in reference list. Please follow APA style of citations. Papers not submitted in the standard format, as suggested above will not be considered for publication. The reference list should be alphabetized and not numbered. Please refer: www.apastyle.org

Titles of articles from journals and books: "quoted".

**Mode of submission**

The manuscript shall be accepted in only **soft copy** sent to: **researchjournalaccr@gmail.com**

**Deadlines**

The journal will be published bi-annually. For May edition, papers must be submitted before 30th March. For November edition, papers must be submitted before 30th September.

However, contributions are accepted round-the- year.

ISSN: 2457-0273
(Online)

RADHANVALLI: An International Peer Reviewed Multidisciplinary Research Journal (Bi-Annual)

# CERTIFICATE OF ORIGINALITY

Please complete and sign this form and send it back to us with the final version of your manuscript. It is required to obtain a written confirmation from authors in order to acquire copyrights for papers published in **RADHANVALLI**

**Title of the Paper:** _______________________________________________

**DECLARATION:**

I / We,________________________________ the author/authors of the research paper/article entitled _______________________________________ authorize you to publish the above mentioned paper/article in the **RADHANVALLI**

We declare that:

- This contribution is original, except for such excerpts from copyrighted works as may be included in the reference.
- This paper has not been published in the same form elsewhere.
- I/We will not publish above said contribution anywhere else without the prior written permission of the publisher.
- Furthermore, I/We hereby transfer the unlimited rights of publication of the above mentioned paper in whole to RADHANVALLI. The copyright transfer covers the exclusive right to reproduce and distribute the article, including reprints, translations, photographic reproductions, microform, electronic form (offline, online) or any other reproductions of similar nature.
- The signatories signs for and accepts responsibility for releasing this material on behalf of any /or all co-authors.

1st Author's Signature:
Author's Name:
Address:
Date:
Mobile No:

2nd Author's Signature:
Author's Name:

**Brief Biodata of Author(s)**

| | | |
|---|---|---|
| Paper Title | : | |
| Title | : | |
| Full Name | : | |
| Designation | : | |
| Institution | : | |
| University (Affiliation) | : | |
| Address | : | |
| Pin Code | : | |
| City | : | |
| District | : | |
| State | : | |
| Country | : | |
| Fax | : | |
| Email | : | |



## :: VISION ::

To spread qualitatively equipped higher education along with vocational literary and humanitarian values through this institution. It also aims at keeping pace with the global challenges of the future building citizens who contribute in the motion of the creation of a secular nation and there by establish its distinctive identity.

## :: MISSION ::

- To provide ample opportunities of the best education in the fields of literature and commerce along with the overall development of the intellectual, physical and mental units of the youths of such socially, educationally, economically, backward and boarder area.
- To inculcate professional commitment, highest moral values and implant such human values that will enable them to achieve the efficiency as an ideal citizen of the nation and to equip them to face the challenges of the future by providing structural facilities to achieve research targets through this institution.
- To empower girls education along with social, cultural and natural values and developing leadership qualities to care a distinctive personality in the society through the means of this institution.

ISSN 2457-0273
9 772457 027008